॥ ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥




પાક્ષિક

# પ્રજ્ઞા અભિયાન

સમાજ નિર્માણ તથા સાંસ્કૃતિક પુનરુત્થાન માટે સમર્પિત

સંસ્થાપક-સંરક્ષકઃ
વેદમૂર્તિ, તપોનિષ્ઠ પં.શ્રીરામ શર્મા આચાર્ય અને માતા ભગવતી દેવી શર્મા

અંક નં-૧૫ વર્ષ-૨૦ | વાર્ષિક લવાજમ-દેશમાં-૩૦.૦૦ | વિદેશમાં-૪૦૦.૦૦ | ૦૭ માર્ચ -૨૦૧૧

# યુગવસંત પર જીવંત થઈ ગઈ યુગઋષિની લાલ મશાલ

## અદ્ભુત, અભૂતપૂર્વ, અવિસ્મરણીય સમારોહથી થયો જન્મ શતાબ્દીનો શુભારંભ

### તપના સામર્થ્યને સમજો - પરમ પૂજ્ય ગુરૂદેવ



હું વિદ્વાન નહીં, તપસ્વી છું. શક્તિ તપસ્વીની પાસે હોય છે. વિદ્વાન પણ રહ્યો હોઈશ, પરંતુ વિદ્વતા અમારી પૂંછ છે, વિદ્વતા અમારી મૂછ છે, ટોપી છે. તપસ્વીની પાસે જે શક્તિ હોવી જોઈએ તે અમારી પાસે છે. અમે અમારી શક્તિઓને બે ભાગોમાં વહેંચી લીધી છે, અડધી અમારા ૨૪ લાખ કુટુંબીઓની સુરક્ષા અને પ્રગતિ માટે જ્યારે બાકીની શેષ વિશ્વના ૬૦૦ કરોડ લોકોના સુધાર માટે.

તમો અમારા કુટુંબીજન છો, હંમેશા અમારી સાથે જોડાયેલ રહેશો તો તમે ફાયદામાં રહેશો. અમે તમારી રખેવાળી પણ કરીશું અને ઉંચે પણ ઉઠાવશું. અમે તમને દુઃખી નહી રહેવા દઈએ કે મુશ્કેલીઓમાં નહી રહેવા દઈએ. અમે તમને માલદાર તો નહી બનાવીએ પરંતુ, ભાવનાશીલ બનાવી દઈશું, તમને મહામાનવ બનાવી દઈશું, તમને દેવતા બનાવી દઈશું. બેટા આગળ એવો મુલ્ય ભવ્ય યુગ આવી રહ્યો છે, જેમાં ધન નહીં ભાવનાઓની કીંમત થશે.

અમારી પાસે એક એવું હથિયાર છે, જે ભગીરથની પાસે હતું, મહર્ષિ દધીચીની પાસે હતું. જેના થકી અમે આખી દુનિયાને એક ધરી પર એકઠી કરીશું, બધા રાષ્ટ્રોનું એકીકરણ કરી એક રાષ્ટ્રનું નિર્માણ કરીશું. સંપુર્ણ વિશ્વમાં એક ધર્મ બનાવીશું-માનવતાનો ધર્મ. સંપૂર્ણ વિશ્વની વ્યવસ્થા એક જેવી હશે, કોઈ નાનો-મોટો નહી રહે. વિષમતા મટી જશે, બધા ભાઈ-ભાઈની જેમ, એક કુટુંબીની જેમ રહેશે.

અમારી અંદર તોડવાની પણ ખૂબ હિંમત છે. અમારી અંદર એક એવો શૂરમો બેઠો છે જે આજે જે ભ્રષ્ટાચાર, અનાચાર, અવાંછનીયતાઓનો ખતરો છવાયેલ છે એને સમાપ્ત કરી દેશે. અમારી અંદર ખૂબ હિંમત છે. અમને બનાવવાનું પણ આવડે છે અને તોડવાનું પણ આવડે છે.



### સાહસી બનો, સંકીર્ણતા છોડો- પરમ વંદનીય માતાજી



તમે ગુરૂદેવના પદચિહ્નો પર ચાલો. પોતાના સદ્ગુણોની ચમકને બનાવી રાખો. કરોળીયાની જેમ પોતાના જ બનાવેલ લોભ-મોહના જાળામાં ફસાઈ ન જાઓ. આજે સંપૂર્ણ વિશ્વમાં વિવેકાનંદનું નામ છે, એટલા માટે કે તેઓએ પોતાના ગુરૂએ બતાવેલ માર્ગે ચાલવાનું સાહસ કર્યુ, તમે પણ એમ જ કરો. ગાંડીવ ઉઠાવો અને કૃષ્ણને મેળવો, જે શરીરના રૂપમાં તો નથી, પરંતુ શક્તિના રૂપમાં, વિચારના રૂપમાં, સિદ્ધાંતોના રૂપમાં, ભાવના અને આસ્થાઓના રૂપમાં આપણી વચ્ચે વિદ્યમાન છે.

આજે ધન શક્તિ અને જનશક્તિની કોઈ ઉણપ નથી, જરૂરત છે તો સાહસની. સંકીર્ણતા આપણને સારા માર્ગે બે ડગલાં પણ ચાલવા નથી દેતી. તમે એક મહાન સંતના પુત્ર છો, તમારૂ હૃદય નવનીત જેવું હોવુ જોઈએ. તમારે દુનિયાની યાતનાઓ-મુશ્કેલીઓને દૂર કરવા માટે આગળ આવવું જોઈએ.

અમારી પાસે એક જ શક્તિ છે જેના આધારે આપણે લોકોના કષ્ટ અને મુશ્કેલીઓને દૂર કરી શકીએ છીએ, તે છે પરમ પૂજ્ય ગુરૂદેવના વિચારો, તેમનું સાહિત્ય. કહેલુ કે લોકો કેટલું યાદ રાખશે, પરંતુ તમારું સાહિત્ય હંમેશા યાદ રહેશે. આ સાહિત્ય આપણે ઘરે-ઘર પહોંચાડવાનું છે.

તમે એક એવા મહાપુરૂષ સાથે જોડાયેલા છો જે આખી જીંદગી તપતા રહ્યા, જેમને એક શરીરથી પાંચ શરીરનું કામ કર્યુ. તેમના તપને કારણે જ તમારૂ સ્વાગત થાય છે, તમારા ગળામાં માળા પડે છે. ક્યારેય એ ન કહેતા કે જે શ્રેય મળી રહ્યો છે, તે અમારો છે. તમે મહાન વ્યક્તિ સાથે જોડાયા છો, તો મહાન કાર્ય કરશો. પોતાની સંકીર્ણતાના કારણે તમે લવારાની જેમ મેં મેં કરતા રહી જશો તો અમને ખુબ દુઃખ થશે.

**ક્યારેક ભગવાન શ્રીરામના સ્વાગત માટે જનતાએ ઘેર-ઘેર દીપ પ્રગટાવીને દીવાળીનો પર્વ મનાવ્યો હશે. આજે યુગવસંત પર આખા દેશે ગામે-ગામ, ઘેર-ઘેર દીપ પ્રગટાવી નવયુગની આરતી ઉતારી. ૩૦ હજાર ગામ-શહેર-શેરીઓમાં નવયુગ દીપોત્સવ ઉજવવામાં આવ્યાના, એક હજાર કરોડ ગાયત્રી મહામંત્ર જપ થયાના અને કરોડો દીપકો પ્રગટાવીને નવયુગના સ્વાગત મહોત્સવ આયોજીત થયાના સમાચાર મળી રહ્યા છે.**

પરમ પૂજ્ય ગુરૂદેવના આધ્યાત્મિક બોધ દિવસ-યુગ વસંત પર (૬,૭,૮ ફેબ્રુઆરી, ૨૦૧૧)ના રોજ યોજાયેલ મનમોહક અને હૃદયસ્પર્શી કાર્યક્રમથી જન્મ શતાબ્દી વર્ષનો ભવ્ય શુભારંભ થયો. આ સમારોહમાં ઉભરી આવેલ જન ઉત્સાહનું દ્રશ્ય જેમને પણ જોયો, તે કહી ઉઠ્યા અદ્ભુત, અભૂતપૂર્વ, અવિસ્મરણીય, ઐતિહાસિક....

તા- ૮ ફેબ્રુઆરીના રોજ સમી સાંજે વસંત દીપોત્સવ ઉજવવામાં આવ્યો. 'પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રદ્ધા' ને ૨૪૦૦૦ દીવડાથી શણગારવામાં આવ્યા હતા અને દરેક હાથમાં હતી એક પ્રગટતી મીણબત્તી. દીપયજ્ઞ ચાલતો રહ્યો, લોકો પોતાની ભાવ-આહુતિઓ સમર્પિત કરતાં રહ્યા. આ સમયની અલૌકિક દિવ્યતાને શબ્દોમાં વ્યક્ત કરવી મુશ્કેલ જ નહી પરંતુ અશક્ય છે.

પરમ પૂજ્ય ગુરૂદેવના 'એકવીસમી સદી-ઉજ્જવળ ભવિષ્ય'ના સંકલ્પને સાકાર થવાની કલ્પના બધા કરે છે. શાંતિકુંજમાં ઉજવવામાં આવેલ યુગ વસંત પર્વની ઝાંખિ દરેકે જોઈ. એટલો ઉત્સાહ કે બધેજ પવિત્રતા, પ્રખરતા, સર્જનાત્મકતાનો ઉલ્લાસ છલકાઈ રહ્યો હતો. ઉદ્યોગપતિ, અધિકારી, સેવક, શ્રમજીવી, બધાને યુગદેવતાએ ઉલ્લાસના વાસંતી રંગે રંગી લીધા.

## નવોઢાની જેમ શણગારવામાં આવેલ શાંતિકુંજ

શાંતિકુંજની સજાવટ-માં પણ પ્રચંડ ઉત્સાહનું પ્રતિબિંબ જોવા મળતું હતું. આ કાર્યકર્તાઓનો ઉલ્લાસ જ હતો, જે યુગવસંતના સ્વાગતમાં પોતાની આતુરતા વ્યક્ત કરવા ઉત્સાહિત હતા. શાંતિકુંજ પરિસરને દુલ્હનની જેમ સજાવવામાં આવ્યું હતું.





ફૂલ-માળાઓ, કુંડાઓ અને સજાવટી સામાનોની સાથે લાઈટ-સિરીજોની સજાવટ તો હતી જ, દરેક દ્વારના દરવાજે અને શેરીએ શેરીએ આકર્ષક રંગોળિઓ સજાવવામાં આવી હતી.

દરેક કાર્યકર્તાઓ દીપયજ્ઞના પહેલા પોત-પોતાના ઘરે દીપમાલાઓ સજાવીને આવ્યા હતા.



દીપયજ્ઞના સમયે ઘરમાં કોઈ નહોતું, બધા સિદ્ધ ચૈતન્ય ક્ષેત્રમાં ગુરૂસ્મારકોની ચારે તરફ એકત્રિત થઈ ગયા હતા, યુગ શક્તિની લાલ મશાલ સાકાર થઈ ઉઠી હતી.

**ત્રણ દિવસીય સમારોહ**

પૂર્વ નિર્ધારણના અનુરૂપ ત્રણ દિવસીય કાર્યક્રમ સંપન્ન થયો. દરેક દિવસનો ઉત્સાહ અને કાર્યક્રમ એકથી ચડીયાતો એક રહ્યો એમ કહી શકાય. પ્રથમ દિવસની ૧૫ કિલોમિટર લાંબી નગર શોભાયાત્રા, સાંજે યુગવસંત પર શાંતિકુંજના વરિષ્ઠ કાર્યકર્તાઓનો સંદેશ, બીજા દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમ અને નવયુગ દીપોત્સવ તથા વસંત પંચમીના દિવસે પર્વ પૂજન, ગુરૂચરણ પાદુકાઓને પ્રણામ-શ્રદ્ધાંજલિ અને સાંજે બ્રહ્મવાદિની બહેનો દ્વારા સંચાલિત દીપ મહાયજ્ઞ ત્રણ દિવસના મહોત્સવના મુખ્ય આકર્ષણ હતા.

# નવવસંતે જે અદ્‌ભુત ઉર્જાનો સંચાર કર્યો છે, એને ખાલી ન જવા દેશો

## કંઈક એવું કરો, જન-જનમાં નવસર્જનની ઉમંગો ઉભરે, તેઓ એમાં ભાગીદાર બને

**યુગઋષિની જન્મ શતાબ્દીનો વસંતપર્વ પોતાના એક ખાસ અંદાજમાં આવ્યો અને કંઈક અનોખું કરી ગયો. તા- ૬,૭,૮ ફેબ્રુઆરીના ત્રણ દિવસીય કાર્યક્રમોમાં કાંઈક જુદો જ જોશ જોવા મળ્યો, આશાનુસાર સહયોગ મળ્યો અને નવા કીર્તિમાન બન્યા. અદૃશ્ય દિવ્ય શક્તિઓના અનુદાન તથા પ્રત્યક્ષ જન સહયોગના નવા અનુભવો થયા. આનાથી પરિજનોનો સર્જનાત્મક ઉલ્લાસ અને નવું કંઈક કરી બતાવવાનો ઉત્સાહ જાગ્યો છે. સમયના પ્રભાવ અને કર્મ સાધનાની તત્પરતાથી ઉભરી આવેલા આ અનોખા પ્રવાહને પૂરના જળપ્રવાહની જેમ એમ જ વહી જવા ન દેવાય. એની એક એક બૂંદને સર્જનાત્મક ઉપયોગની પ્રખર સાધનામાં જોડાવાનું છે. આ પરિપ્રેક્ષમાં નૈષ્ઠિક-કર્મઠ પરિજનોંની સામે પ્રસ્તુત છે- સમીક્ષાત્મક દૃષ્ટિ, સર્જનશીલ અનુરોધ.**

### આ વખતે કંઈક વિશેષ ઉભરાઈ આવ્યું છે

આપણા પરમ આત્મીય યુગઋષિ ગુરૂવરની જન્મ શતાબ્દીના સહજ ઉત્સાહે દરેક ક્ષેત્ર, પ્રત્યેક વર્ગના પરિજનોંમાં કંઈક નવા સંકલ્પો જગાવ્યા, એક નવી ક્ષમતાને ઉભાર કરી. પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મશતી પર તેમના જીવનોદ્દેશ, નવયુગ નિર્માણની સિદ્ધિની દિશામાં કંઈક ઉલ્લેખનીય પ્રગતિ કરીને એમને હર્ષિત કરનારી સાર્થક શ્રદ્ધાંજલિઓ ચઢાવાની વાત ઉઠાવવામાં આવી.

નૈષ્ઠિક પરિજનોએ આ પર્વને ગંભીરતાથી લીધું. થોડા સ્થળોએ કથિત મોટા આયોજનોના સમ્મોહનથી ઉપર ઉઠીને, જન-જનની ભાગીદારી વધારનારા વિકેન્દ્રિત-સુનિયોજીત કાર્યક્રમો માટે કમર કસી લીધી. પ્રદર્શનાત્મક મંચીય રજુઆતના સ્થળે સાધનાત્મક જનસંપર્કના પ્રયાસોને મહત્વ આપવામાં આવ્યું. યુગઋષિની ઈચ્છાનો સમર્થ સહયોગ જોડાયો અને સંકલ્પોને આશાતીત સફળતા મળતી ગઈ.

**તા- ૬ ફેબ્રુઆરી**ની સવારે ધર્મફેરીઓ અને સાંજની રેલીઓની સફળતાએ આયોજકોની સાથે સાથે જન સાધારણને પણ ભાવમય કરી દીધા. આ સમયે અદૃશ્ય શક્તિએ લોકમાનસને આકર્ષિત કર્યા, ફેરીઓની સંખ્યા અનુમાનથી બમણી રહી. સાંજની રેલીઓની ભવ્યતાતો અનુમાનથી દસગણી સંપન્ન થઈ. કરોડોની સંખ્યામાં નવા લોકો સુધી યુગઋષિ અને નવયુગના ઉદ્‌ઘોષોની ગૂંજ અને કાર્યક્રમોની ઝલક-ઝાંખિઓ પહોંચી.

**તા- ૭ ફેબ્રુઆરી**ના રોજ સામૂહિક જપ અને નવયુગ સ્વાગત દીપદાને પણ બધા જ અનુમાનોને નાના બનાવી દીધા. ગાયત્રી પરિવાર-યુગ નિર્માણ પરિવારની સાથે પ્રત્યક્ષ રૂપથી જોડાયેલ ભાઈ-બહેનોની સાથે મોટી સંખ્યામાં વિભિન્ન સંગઠનો અને મંદિરોથી જોડાયેલ શ્રદ્ધાળુઓએ પણ ઉલ્લાસ પૂર્વક ભાગ લીધો. અનુમાનતઃ ૧૦૦૦૦૦થી વધું સ્થળો પર ૧૨ કલાક અથવા તો ૨૪ કલાકના અખંડ જપ **'ઉજ્જવળ ભવિષ્ય'**ની ભાવનાની સાથે ચાલ્યા. કરોડોની ભાગીદારી રહી. ગાયત્રી મંત્રની સાથે સાથે વિભિન્ન ઈષ્ટ મંત્રો અને ઈષ્ટ નામોના જપની સાથે **'ઉજ્જવળ ભવિષ્ય'**માટે પ્રચંડ ભાવ સંચાર કરવામાં આવ્યો.

સાંજના દીપદાનની દિવ્યતાથી સૌ કોઈ મંત્રમૂગ્ધ બન્યા. જ્યાં પરિજનોએ જનસંપર્ક કર્યો, ઘરમાં તેમજ બીજા ઘરથી લઈને મંદિરો અને શહેર-ગામની ભાગોળે-સાર્વજનિક સ્થાનોએ દીવાળીની ભવ્યતા દીપી ઉઠી. પરંતુ આ દીપાવલીની એક અલગ જ વિશેષતા રહી. દીવાળીના દિવસે તો લોકો વ્યક્તિગત અથવા તો પરિવારગત લાભની કામના સાથે દીપ પ્રગટાવે છે, આ પર્વ પર તો બધાએ **'લોક કલ્યાણ'**- મનુષ્યમાત્રના ઉજ્જવળ ભવિષ્યની પ્રાર્થનાની સાથે દીપદાન કર્યુ. આથી વાતાવરણમાં એક અનોખી પવિત્રતા-સદ્‌ભાવનાની સુગંધનો સંચાર થયો, જેને શબ્દોમાં વ્યક્ત કરી શકાય એમ નથી.

**તા- ૮ ફેબ્રુઆરી**ના રોજ વસંત પર્વ પૂજનની સાથે એક જ સમયમાં કેટલાય લાખ કુંડોમાં સાધકો દ્વારા આહુતિઓ પ્રદાન કરવામાં આવી. આત્મપ્રેરિત-વિકેન્દ્રિત કાર્યક્રમોના રૂપમાં આને કોઈ પણ પ્રકારના દબાવ વગર સંપન્ન કરવામાં આવ્યા. હજાર કુંડીય યજ્ઞોના રૂપમાં આટલો સાધનાત્મક પુરૂષાર્થ કમરતોડ મહેનત અને ધનખર્ચ કરવા પર પણ કદાચ જ શક્ય બન્યો હોત.

સાંજે યોજાયેલ દીપયજ્ઞોની પણ કથાવાર્તા અનોખી રહી. પરિજનોની સાથે બધાજ સામાજીક સંગઠનો અને સંપ્રદાયોના સૂત્ર પુરૂષોની તેમાં ભાગીદારી રહી. અદમ્ય ઉત્સાહની વચ્ચે સામૂહિક અપૂર્વ શાન્તિની અનુભૂતિનો રસ તો એ જ સમજી શકે, જેને તે ચાખવાનું સૌભાગ્ય મળ્યું હોય.

ટુંકમાં, આ વસંત પર્વ પર યુગસર્જન શક્તિઓની ત્રિવેણી ધારાના પરમ કલ્યાણકારી પ્રવાહનો પ્રત્યક્ષ અનુભવ થયો. ઈશ્વરીય પ્રવાહ, ઋષિ ચેતના તથા જન પુરૂષાર્થના સમન્વયથી કંઈક અનોખા અનુભવ થયા, કંઈક અનોખા ચમત્કાર અનુભવી શકાયા.

### આ ક્રમ ચાલુ રહે, તીવ્રતર થતો રહે

આ બધું કેવી રીતે થયુ? તેની સમીક્ષા કરવામાં આવી તો તેની પાછળ એક નાનું પરંતુ સાર્થક સૂત્ર જોવા મળે છે, તે છે, **'આપણા પુરૂષાર્થને, પોતાની અથવા અસ્તવ્યસ્ત સમાજની પ્રસન્નતાના ઉદ્દેશ્યથી હટાવીને યુગઋષિની પ્રસન્નતાના ઉદ્દેશ્ય સાથે જોડી દેવામાં આવે'**

યુગઋષિની પ્રસન્નતા તો **'યુગ નિર્માણ'**ની દિશામાં સાર્થક-સશક્ત ડગલું ભરવાથી ઓછામાં તો બની જ ન શકે. આ માટે એમને પરિજનોને પ્રાણવાન સંપર્ક કરવાની ક્ષમતા વધારવા માટે પ્રેરિત કર્યા છે. આ ક્રમમાં જ દીપથી દીપ પેટાવવાની ઉક્તિ સાર્થક કરતાં ગતિશીલ બનવા માટે આગ્રહ કરતા રહ્યા. આ વખતે પરિજનોએ વ્યાપક સ્તર પર જનસંપર્કની સાધના માટે સંકલ્પ લીધા. ઋષિ અનુગ્રહથી એ ફલિત થયા. બન્યું એમ કેઃ-

- પરિજનોને અનુભવ થયો કે તેઓ ઘરે-ઘર, ગામે-ગામ, મહોલ્લે-મહોલ્લે પહોંચવાની ક્ષમતા રાખે છે. માત્ર એને ઉભારવાની-નિખારવાની જરૂરત છે.
- પોતાપણાની ભાવનાની સાથે પહુંચાડવામાં આવેલ સંદેશના પ્રત્યે જનમાનસ કેટલું સંવેદનશીલ, ગ્રહણશીલ છે, એના આ ભાવને આપણે પુષ્ટ અને તુષ્ટ કરી શકીએ છીએ.
- યુગઋષિ અને યુગનિર્માણ યોજનાના પ્રત્યે લોક-માનસમાં કેટલો લગાવ, કેટલું સમ્માન ભરેલું છે, જો એને જાગ્રત-સુનિયોજીત કરવામાં આવે તો યુગ સર્જનની પ્રચંડ આંધી ઉઠી શકે છે.

પ્રાપ્ત સફળતાથી હર્ષિત થવું એ સ્વાભાવિક છે, આનાથી ઉત્સાહમાં વધારો થાય છે, પરંતુ આ ઉત્સાહને સર્જનાત્મક દિશા આપવાનો નવો પડકાર આગળ છે. જે થયું એ સુંદર છે, પરંતુ જે થવાનું છે એ તો શાનદાર છે.

હજુ તો યુગઋષિની જન્મશતાબ્દી વર્ષનો શુભારંભ થયો છે. અગાળી મોટું લક્ષ્ય મોટી સફળતાઓને ખોળામાં લઈને રાહ જોઈ રહ્યું છે. આપણે આપણી સંખ્યા, ક્ષમતા અને ગુણવત્તાને એટલી તો વધારવાની છે કે માર્ગમાં આવનારા અવરોધો પર આપણો પુરૂષાર્થ ભારે પડે. આગળના ક્રમોને આવા તેજસ્વી સંકલ્પોની સાથે આગળ વધારવાના છે.

### સર્જન સાધના મહાપુરશ્ચરણની પૂર્ણાહુતિ

આ બે વર્ષિય મહાપુરશ્ચરણ સર્જન સાધકોની સંખ્યા અને ગુણવત્તા વધારવાના ઋષિપ્રેરિત સંકલ્પની સાથે શરૂ કરવામાં આવ્યું હતું. જેની પૂર્ણાહુતિ રામનવમી (૧૨ એપ્રિલ, ૨૦૧૧)ના રોજ યોજાશે. આને પણ વસંત પર્વના કાર્યક્રમોની જેમ સુનિયોજીત વિકેન્દ્રિત રીતિ-નીતિની સાથે જ સંપન્ન કરવામાં આવે.

એ વાતનું ધ્યાન રહે કે આ સાધના અીભયાનને યુગઋષિની માંગને પૂર્ણ કરવાના પાવન-ઉદ્દેશની સાથે કરવામાં આવ્યું હતું. તેમણે **ઓછામાં ઓછા બે કરોડ નૈષ્ઠિક પ્રજ્ઞા પરિજનો તથા ઓછામાં ઓછા બે લાખ પ્રખર પ્રજ્ઞાપુત્રો**ની માંગ કરી હતી. બે વર્ષના પ્રયાજ કાર્યક્રમોથી એ દિશામાં ઉલ્લેખનીય પ્રગતિ થઈ છે. વસંતોત્સવના કાર્યક્રમોએ આમાં મોટું યોગદાન આપ્યું. એની સંખ્યા ભલેને વધું હોય, પરંતુ સંઘબદ્ધ સૈનિકોની ટુકડીયોની જેમ વ્યવસ્થિત અને પ્રમાણિક બનાવી રાખવા માટે અભીષ્ટની સિદ્ધિ સંભવ જોવા નથી મળતી. આ દિશામાં હજુ ઘણુ કરવાનું છે.

**આ માટે :-** પરિજનોને નિવેદન છે કે તેઓ એક નાની પુસ્તિકા (પોકેટ બુક) **'દીક્ષિત-નૈષ્ઠિક પરિજન ચડાવે એક સાર્થક શ્રદ્ધાંજલિ'**ને મોટી સંખ્યામાં મંગાવી લે. એને જાતેતો વાંચે પરંતુ ખોળી-ખોળીને યુગઋષિથી દીક્ષિત પરિજનોને પણ વંચાવે. એના આધારે દરેકે પોતાના વ્યક્તિત્વને એક-બે સીડી ઉપર ચડાવવાનો પ્રયાસ કરવાનો છે. યુગઋષિની ઈચ્છા છે કે આપણા પરિજનોના વ્યક્તિત્વ ઉચ્ચ બને તો તેઓ આગલા ચરણના ઉચ્ચ કાર્યોને અંજામ આપીને ઉચ્ચતર શ્રેય-સૌભાગ્યને સત્પાત્ર બને. આમ કરવું એ જ યુગઋષિ પ્રત્યે આપણી સાર્થક શ્રદ્ધાંજલિ હશે.

### મંત્ર લેખન મહાઅભિયાન

જન્મ શતાબ્દી મંત્ર લેખન સાધના મહા અભિયાન ઉક્ત લક્ષ્યની પ્રાપ્તિમાં મોટુ સહયોગી સિદ્ધ થશે. તેનું પહેલું ચરણ મહાશિવરાત્રિ (૨ માર્ચ)થી રામનવમી (૧૨ એપ્રિલ)સુધી ચાલશે. આ અંતર્ગત ૪૦ દિવસમાં ૨૪૦૦ મંત્ર લેખન કરીને ૨૪૦૦૦ ગાયત્રી મંત્ર જપ સમકક્ષ સાધના પુરૂષાર્થ કરવાનો છે. આ માટે વિશેષમંત્ર લેખન પુસ્તિકાઓ બનાવવામાં આવી છે. પહેલું ચરણ પૂરૂ થયા પછી આ મંત્રલેખન સાધના મહા અભિયાન ચાલતું રહેશે. એના ઉદ્દેશ અને અનુશાસન આ પ્રમાણે છે.

- જુના અને નવા સાધકોમાં નવસર્જનની પ્રખર પ્રાણઉર્જાનો સંચાર, સૂક્ષ્મ જગતમાં નવસર્જનનો પ્રચંડ પ્રવાહ પેદા કરવો.
- જેને રામનવમી પછી પણ સાધકગણ કોઈ પણ ૪૦ દિવસોના સમયમાં નવેમ્બરમાં યોજાનારા કેન્દ્રિય કાર્યક્રમ સુધીમાં પૂર્ણ કરી શકે છે.
- આ લેખન યંત્રવત નહીં થાય. મંત્રલેખન પુસ્તિકાના દરેક પાને ગાયત્રી મહામંત્રની સાથે લખવામાં આવેલ ભાવ- **'હે પરમાત્મા ! અમને બધાને સદ્‌બુદ્ધિ અને ઉજ્જવળ ભવિષ્યના માર્ગ પર પ્રેરિત કરો'**ને હૃદયંગમ કરીને, એક એક મંત્રની સાથે ભાવના પ્રધાન મંત્રલેખન કરવામાં આવશે. આ પ્રકારે ગહન ભાવનાની સાથે કરવામાં આવેલ મંત્ર લેખનથી જ વ્યક્તિત્વ પરિષ્કાર અને લોક કલ્યાણના મહાન લક્ષ્યની સિદ્ધિ પ્રાપ્ત થશે.

મંત્ર લેખનની સાથે તપ સાધના અને એની પૂર્ણાહુતિ માટે અંશદાનનો ક્રમ પણ જોડાયેલ છે. તપના અંતર્ગત ૪૦ દિવસનું બ્રહ્મચર્ય વ્રત, સત્સંકલ્પના વાક્યોને અનુસાર પોતાના ચિંતન, ચરિત્ર અને વ્યવહારનો શુદ્ધિ જોડાયેલ છે. પૂર્ણાહુતિ માટે પ્રતિદિન ઓછામાં ઓછું અડધો કપ ચા (૨.૫૦ રૂપિયા)નું અંશદાન કાઢવાના નિયમને અંતર્ગત ૧૦૮ રૂપિયાની શર્ત રાખવામાં આવી છે. જે સાધક નવેમ્બરની પૂર્ણાહુતિ માટે નિયમિત અંશદાન કાઢી રહ્યા છે, તેઓ એ રાશિમાંથી જ આ અંશદાન કાઢી શકે છે. ક્ષેત્રીય સંગઠિત એકમો પોતાની સંકલ્પિત રાશિના એક અંશને આમાં લગાવી શકે છે.

આ તમામ કાર્યો પ્રાણવાન જનસંપર્કથી જ સફળ બનશે. આ માટે સંપર્ક અભિયાને યુગવસંતની ઉપલબ્ધિને ભવ્ય બનાવી, એને હજુ પણ વધું પ્રખર અને વ્યવસ્થિત બનાવવાના છે. આ માટે ઋષિસત્તાના પ્રાણ અનુદાન પરિજનોને સહજ જ મળતા રહેશે.

### પ્રચંડ જન અભિયાન ઉભુ થાય

યુગઋષિના જન્મ શતાબ્દી વર્ષમાં એવા પ્રયાસો થઈ રહ્યા છે કે યુગ નિર્માણની વિચારધારા જન-મનમાં ઉંડાઈથી બેસે અને તે પ્રચંડ જન અભિયાનનું રૂપ લઈ લે. ભારતના સ્વતંત્રતા સંગ્રામના સમયે જે રીતે **'ઈન્કલાબ-જિન્દાબાદ'** તથા **'અંગ્રેજો ભારત છોડો'**ના નારા ગુંજી ઉઠ્યા હતા, એ જ રીતે **'હમ બદલેંગે-યુગ બદલેંગા'** અને **'હમ સુધરેંગે યુગ સુધરેંગા'**ના નારા જન જીવનમાં ગુંજી ઉઠે.

સાધના, સ્વાધ્યાય અને સંયમના માધ્યમથી વ્યક્તિને એટલો પ્રાણવાન બનાવવાના છે કે એ પોતાના સંપર્કમાં આવનારા લોકોના પ્રાણોને પણ જાગૃત સ્પંદિત કરી શકે. એને પણ નાના-મોટા સર્જન સાધનામાં જોડી શકાય. દીપથી દીપ પ્રગટાવવાની કહેવત સાર્થક કરી શકાય.

### કરવા યોગ્ય કાર્ય અનેક છે

**જેમ કેઃ -** રાષ્ટ્રજાગરણ દીપયજ્ઞોના માધ્યમથી ગામે-ગામ, શેરીએ-શેરીએ જાગૃતિની લહેર પેદા થઈ જાય. સાતે આંદોલનોમાંથી કોઈ એક અથવા વધુંને ક્ષેત્ર વિશેષમાં સક્રિય કરી દેવું. ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનના માટે જનજાગૃતિ લાવવી. સ્વચ્છ છબીના સેવાભાવિઓને ટિકિટ આપવા માટે રાજનૈતિક પક્ષો ઉપર નૈતિક, સામાજીક દબાણ લાવવું.

- યુગઋષિની જન્મશતાબ્દીને રાષ્ટ્રીય મહાપુરૂષો (સ્વામી વિવેકાનંદ, ગાંધી, સુભાષચંદ્ર બોસ વગેરે)ની જેમ વિભિન્ન સંગઠનો, સંસ્થાનો દ્વારા ઉજવવામાં આવે એવી લહેર પેદા કરવી. એ માધ્યમથી એની યુગ નિર્માણ યોજનાના સૂત્રોને વિભિન્ન મંચોથી લાગૂ કરાવવાના સાર્થક પ્રયાસો કરવા.
- યુગઋષિનો પરિચય અને એમના પ્રવાસી સંદેશાઓના વિશાળ બોર્ડને સ્થળે સ્થળે સ્થાપિતથ કરવામાં આવે.

પ્રજ્ઞા પરિજનોની સુપ્ત ક્ષમતા જાગૃત બને, તો આ બધા જ કાર્યો સહજતાથી સંપન્ન થઈ શકે. (ક્રમશઃ)

# જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે યોજાઈ રહ્યા છે ઠેર-ઠેર વિવિધ કાર્યક્રમ

## ગરીબોને લાડુ તથા શિંગ ચીકીનું વિતરણ

### જરૂરીયાત મંદોને કપડા અને સાડી આપવામાં આવ્યા

**ચલાલા (ગુજરાત)**

જન્મ શતાબ્દી વર્ષ દરમ્યાન ચલાલા, યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્રમાં અનેક ધાર્મિક અને સામાજીક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. સંસ્થાએ દોઢેક દાયકામાં



અનેક ધાર્મિક તેમજ સેવાકીય કાર્યોના માધ્યમથી સ્નેહ સમર્પણની સુવાસ ફેલાવી છે.

ટ્રસ્ટ દ્વારા ઝુપડપટ્ટીમાં રહેતા લોકોની વેદનાને ધ્યાનમાં લઈ વિના



ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વાર યોજાયેલ કાર્યક્રમની ઝલક

મૂલ્યે મમરાના લાડુ, દાળીયાના લાડુ તથા શિંગ ચિકી અને જરૂરીયાત મંદોને કપડા અને સાડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાડીઓનું વિતરણ સંસ્થાના વડા શ્રી રતિદાદા તથા યુગાન્ડા કમ્પાલાથી પધારેલ શ્રી બાબુદાદાના હસ્તે કરવામાં આવ્યું હતું. ગરીબોને દાતાશ્રીઓ તરફથી



આર્થિક સહયોગ પણ પ્રાપ્ત થયો હતો.

સામાજીક અને સાંસ્કૃતિક પરિવર્તન લાવવા માટે સંકલ્પિત સંસ્થા દ્વારા આવા અનેક કાર્યો થઈ રહ્યા છે જેમાં સંસ્થા દ્વારા વૃદ્ધો માટે વૃદ્ધાશ્રમ, અનાથ બાળકો માટે અનાથાશ્રમ, પ્રસૂતિગૃહ, આયુર્વેદિક હોસ્પિટલ વગેરે આકાર લઈ રહ્યા છે.

**આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

ગાયત્રી સંસ્કાર વિદ્યાલય મીઠાપુર ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા હાઈસ્કુલ અને પ્રા. કુમાર-કન્યા શાળાના સંયુક્ત ઉપક્રમે શાળાના આરોગ્ય કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે સંસ્થાના વડા શ્રી રતિદાદા, હાસ્ય કલાકાર શ્રી સુખદેવ સિંહ, ડૉ. ક્રિષ્નાબેન તથા મહેશભાઈ મહેતા, મનુભાઈ વાળા, હિતેષભાઈ ચૌહાણ વગેરે હાજર રહ્યા હતા.

ડૉ. ક્રિષ્ના બેને હૃદય, કીડની, કેન્સર, હીમોફીલીયા, વિકલાંગતા જેવી બીમારીઓથી પીડાતા બાળકોને શાળા આરોગ્ય કાર્યક્રમ દરમ્યાન સરકાર શ્રી તરફથી પુરી પાડવામાં આવતી મફત સવલતોનો લાભ લેવાની માહિતી પૂરી પાડી હતી.

પાડુરોગ, કૃમી, ચામડીની ખામી, કાનની રસી જેવા રોગોથી પીડાતા બાળકોની તપાસ કરી જેમને દવાની જરૂર હોય તેમને દવાની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. આંખની તકલીફ વાળા બાળકોની તપાસ કરી ચશ્મા આપવામાં આવ્યા હતા.

અંતિમ દિવસે સ્ત્રીભ્રૂણ હત્યા, પાણી જન્ય રોગો, મચ્છર કરડવાથી થતા રોગો જેવા વિષયોની વક્તૃત્વ સ્પર્ધા યોજી પ્રથમ આવનારા બાળકોને આરોગ્ય હેલ્થ વિભાગ તરફથી ઈનામો આપી પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના વડા શ્રી રતિદાદા તેમજ મહેશભાઈ મહેતા, રમણીકભાઈ ગઢીયા, સંજયભાઈ સાવલીયા, મંજુલાબેન મહેતા, શિતલબેન મહેતાએ ખુબ જહેમત ઉઠાવી હતી. ✡

## વસંતપંચમીના દિવસે કાઢવામાં આવી ભવ્ય કળશ યાત્રા

**વડગામ (બનાસકાંઠા)**

વડગામ ગાયત્રી પ્રજ્ઞાપીઠ ખાતે યુગઋષિ પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દી અંતર્ગત તા- ૮ ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ વસંતપંચમીના પાવન પર્વ દિવસે ભવ્ય કળશયાત્રા સદ્‌વાક્યોના બેનરો, ભજનકિર્તન, મંત્રોચ્ચાર સાથે નિકળેલ. ગ્રામ જનોએ પુષ્પ-ચોખાથી સ્વાગત કર્યુ, સાથે પંચકુંડી ગાયત્રી યજ્ઞમાં 300થી વધું વ્યક્તિઓએ ભાગ લીધો હતો. જેમાં વ્યસન મુક્તિ, મંત્રલેખન, સ્વચ્છતા, સદ્‌સાહીત્ય વિતરણ વિગેરે સંકલ્પ લેવામાં આવ્યા. આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે જીલ્લા સદ્‌સ્ય શ્રી બાલકૃષ્ણજી તથા તાલુકા સદસ્યશ્રી પ્રતાપજીની ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા વરિષ્ઠ કાર્યકર્તા શ્રી કરશનજી અને મફતલાલ જીરાલા ઉપરાંત ધોતા, સતલાસણા, મહેમદપુર-જલોત્રા શાખાઓ તથા સૌ સક્રીય પરિજનોએ પ્રેરણાદાયક શ્રમ સહયોગ કર્યો હતો. ✡

## રાષ્ટ્રજાગરણ પંચકુંડી મહાયજ્ઞનું ભવ્ય આયોજન

**બારડોલી (ગુજરાત)**

જન્મ શતાબ્દી પ્રયાજ વર્ષ કાર્યક્રમ અંતર્ગત ગાયત્રી પરિવાર મહિલા મંડળની બહેનો તાલુકાના ૭૦ જેટલા ગામોમાં જઈને ગાયત્રી મંત્ર અને સદ્‌વાક્યના સ્ટીકરો અને ગુરૂદેવના વિચારોને ઘરે-ઘરે પહોચાડ્યા અને સાથે ગામે-ગામે પંચકુંડીય મહાયજ્ઞો તેમજ દીપયજ્ઞો કર્યા.

તા- ૨૮ જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ બારડોલી ગાયત્રી પરિવાર મહિલામંડળ દ્વારા રાષ્ટ્રજાગરણ પંચકુંડીય મહાયજ્ઞ અને દીપ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શાંતિકુંજના પ્રતિનિધિ શ્રી મોહનભાઈ શાસ્ત્રીએ સંભાળ્યું. કાર્યક્રમનું આયોજન બારડોલીમાં ગોવિંદ આશ્રમ ખાતે રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સવારે ૧ કલાકના અખંડ જપથી કરવામાં આવી. સવારે પંચકુંડી યજ્ઞ સાથે પુંસવન સંસ્કાર, દીક્ષા-જનોઈ સંસ્કાર કરવામાં



આવ્યા. બપોરે ૪.૦૦ થી ૫.30 કલાકે બેઠક રાખવામાં આવી હતી. સાંજે ૬.૦૦ કલાકે ૨૪૦૦ દીવડાનો દીપમહાયજ્ઞ કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી.

તા- ૨૬ ડિસેમ્બર, ૨૦૧૦ના રોજ વિશ્વ હિન્દુ પરિષદ તરફથી હનુમાન જાગરણ અનુષ્ઠાન પૂર્ણાહુતિ તેમજ અયોધ્યામાં રામ જન્મભૂમિમાં મંદિરના નિર્માણ હેતુ પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ ગાયત્રી પરિવાર મહિલા મંડળ પાસે કરવામાં આવ્યો, જેમાં વિશ્વ હિન્દુ પરિષદના મહાનુભાવો, ડૉ. કલાબેન પટેલ, સાધુસંતો તેમજ અનેક ધર્મ પ્રેમી ભાઈ-બહેનોએ લાભ લીધો હતો. સર્વેને પરમ પૂજ્ય ગુરૂદેવનો જન્મ શતાબ્દી સંદેશ આપવામાં આવ્યો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી છોટુભાઈ નાયક, યોગેશભાઈ પ્રજાપતિ, મહિલા મંડળની બહેનો, સરભોણ શાખા-ખોજ શાખા-પ્રજ્ઞા મંદિર વગેરેના પરિજનોએ કાર્યક્રમ કરવામાં સક્રિય સહયોગ આપ્યો. ✡

## રાષ્ટ્ર જાગરણ વેદી દીપ મહાયજ્ઞ યોજાઈ ગયો

**ગાંધીનગર (ગુજરાત)**

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજના સાનિધ્યમાં તા- ૨૮, ૨૯, 30 જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ ગાંધીનગર ખાતે વિરાટ રાષ્ટ્ર જાગરણ દીપ વેદી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. તા- ૨૮ના રોજ બપોરે ૨-૦૦ કલાકે જલારામ મંદિર, સેક્ટર-૨૯થી આયોજીત વિરાટ શોભાયાત્રાનું પ્રસ્થાન ડાહ્યાભાઈ ટી. પટેલ, ચેરમેનશ્રી, ગાંધીનગર અર્બન કો. ઓપરેટીવ બેંક દ્વારા કરાવવામાં આવ્યું. બેન્કના ભૂતપૂર્વ ચેરમેન શ્રી કાલીદાસભાઈ પટેલ અને ડાયરેક્ટરશ્રી પુરૂષોત્તમભાઈ પટેલ દ્વારા મશાલ પ્રાગટ્ય કરવામાં આવ્યું. સેક્ટર- 30 ખાતે શ્રી લાલચંદ ગોપલાણી, અધ્યક્ષશ્રી, ઝુલેલાલ મંદિર દ્વારા શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત અનુદાન સહ કરવામાં આવ્યું. સેક્ટર-૨૨, વેપારમંડળના તમામ સદસ્યોએ હાજર રહી ભાવભીનું સ્વાગત કર્યુ.

પ્રથમ દિવસ ટોળીનાયક શ્રી ચેલારામ જોષી દ્વારા રાષ્ટ્ર જાગરણ દીપ મહાયજ્ઞની વિશેષ જાણકારી આપવામાં આવી. તા- ૨૯, 30 જાન્યુઆરીના રોજ સવારે ૮.૦૦ કલાકે વિવિધ સંસ્કારો સંપન્ન કરવામાં આવ્યા. જેમાં આશરે ૭૦૦ વ્યક્તિઓએ સંસ્કાર ગ્રહણ કર્યા. ગાંધિનગરની ભૂમી ઉપર પ્રથમવાર ગાયત્રી પરિવાર દ્વારા સામુહિક તર્પણ વિધિ સંપન્ન કરવામાં આવી. બપોર પછીની પારિવારીક બેઠકમાં યુગઋષિની જન્મ શતાબ્દીમાં મિશનના ૧૮ સંકલ્પોને કેન્દ્ર સ્થાને રાખી બેઠક સંપન્ન કરવામાં આવી. બંને દિવસોએ સાત કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતું. સાંજે ૫.૦૦થી ૮.30 કલાક સુધી શાંતિકુંજ હરિદ્વારના પરમ આદરણીય શ્રી વિરેશ્વર ઉપાધ્યાયજીની ઉપસ્થિતિમાં ૧૦૦૮ વેદી દીપ મહાયજ્ઞ સંપન્ન કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેરના રાષ્ટ્ર નિર્માણ અર્થ સંકલ્પિત સમુદાયે મોટી સંખ્યામાં વ્યક્તિ



સ્વાસ્થ્ય, પરિવાર સ્વાસ્થ્ય, સમાજ સ્વાસ્થ્ય અને રાષ્ટ્ર સ્વાસ્થ, સમાજ પ્રત્યે જ્ઞાન પુરૂષાર્થ, પ્રભાવ, સમય અને ધનનો એક ભાગ વાપરી રાષ્ટ્રીય એકતા અને સમતા પ્રત્યે નિષ્ઠાવાન રહી રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપવા સંકલ્પબદ્ધ થયા. મર્યાદાનું પાલન, પર્યાવરણ સંતુલન, જળ વપરાશ નિયમન, અનુશાસન પાલન અને આજની વિભિધિકાઓના નિવારણ માટે ઉપસ્થિત સમુદાયે વિચાર ક્રાંતિ, નૈતિક ક્રાંતિ અને ભાવનાત્મક ક્રાંતિથી પરિવર્તન લાવવાના સંકલ્પો લીધા.

ગુજરાત ઝોનના શાંતિકુંજ ખાતેના પ્રતિનિધિ શ્રી વિષ્ણુભાઈ પંડ્યા અને ગુજરાતના શાંતિકુંજના પ્રતિનિધિ શ્રી રાજુભાઈ દવેની વિશેષ ઉપસ્થિતિએ ગાંધીનગરના પરિજનોનો ઉત્સાહ વધાર્યો . સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ગાંધીનગરના તમામ ગાયત્રી પરિવારના પરિજન ભાઈ-બહેનોએ છેલ્લા ૧ માસથી રાત-દિવસ ઘરે-ઘરે સંપર્ક કરી સ્ટીકર અભિયાન દ્વારા પરમ પૂજ્ય ગુરૂદેવના જન્મ શતાબ્દી કાર્યક્રમની જન જનને જાણકારી ઉપલબ્ધ કરાવી હતી. આ કાર્યક્રમમાં ૫૦ % વળતર સાથે સાહિત્યનું બ્રહ્મભોજ કરવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. કાર્યક્રમને વિશેષ રૂપે સફળ બનાવવા માટે ગાંધીનગર અર્બન બેંક, અશ્વમેઘ કન્સ્ટ્રક્ટ કું., સ્કૂલ ઓફ એચીવર જેવી અગ્રગણ્ય સંસ્થાઓનો તેમજ શ્રી નટવરસિંહ વાઘેલાજીનો નોંધપાત્રપ્રશંસનીય ફાળો રહ્યો હતો. ✡

## વિના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પ

**છબ્દાસર(અમદાવાદ)**

છબ્દાસર ગાયત્રી પ્રજ્ઞાપીઠ તીર્થધામના સેવાસદન હોલમાં તા- ૧૮ ડિસેમ્બર,૨૦૧૦ના રોજ વિના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. કેમ્પનો લાભ ૧૭૬ દર્દીઓએ લીધો હતો. જેમાંથી ૭૬ દર્દીઓને ઓપરેશન હેતું અમદાવાદની એચ.પી. સદ્‌વિચાર પરિવાર આંખની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દરેક દર્દીઓને ભોજન સેવા પણ આપવામાં આવી હતી. ૪૨ દર્દીઓને આંખના નંબર તપાસી ચશ્મા કાઢી આપી દર્દીઓને ઘેર બેઠા પહોંચાડવામાં આવ્યા. ✡

# શ્રી રામેશ્વરમ ધામ સ્વચ્છતા અભિયાન : ધ રીયલ અભિષેક

## ગાયત્રી પરિવારે આપ્યો ‘ક્લીન રામેશ્વરમ-ગ્રીન રામેશ્વરમ’નો નારો : અભિયાનમાં જોડાઈ ગયા ૧૧ રાજ્યોના ૬૫૦ કાર્યકર્ત્તા

**પૂજા તો બધા ભાવથી જ કરે છે, માત્ર તેના સ્વરૂપો જુદા-જુદા હોય છે. વિપત્તિ નિવારણ અને સુખ-સમૃદ્ધિની પ્રાર્થનાને માત્ર ભક્તની ભગવાન જ સાંભળે અને ફળ આપે છે, પરંતુ શ્રી રામેશ્વરમ ધામમાં નગરવાસિયો અને શ્રદ્ધાળુઓએ ઈશ આરાધનાનું એ સ્વરૂપ જોઈ, જેને જોઈને ઉડુપી મઠના પ્રધાન દંડી સ્વામીએ કહ્યું કે, ‘ધીસ ઈજ ધ રીયલ અભિષેક (આ જ વાસ્તવિક શિવાભિષેક છે)’ આ અભિયાનના સમયે ગાયત્રી પરિવારે શ્રી રામેશ્વરમ ધામમાં ‘ક્લીન રામેશ્વરમ-ગ્રીન રામેશ્વરમનો ’નારો આપ્યો.**

### ઈતિહાસની આ પ્રથમ ઘટના

રામેશ્વરમના સંયુક્ત અધિકારી શ્રી કે. ઉદય કુમારે ગદ્‌ગદ હૃદયે કહ્યુ કે, ‘શ્રી રામેશ્વરમના ઈતિહાસની આ પહેલી ઘટના છે જ્યારે કોઈ આધ્યાત્મિક સંગઠન આ રીતે પર કામ કરી રહ્યું છે’

### આવા કાર્યો તમે કેમ નથી કરી શકતા ?

સ્થાનિક જીલ્લા કલેક્ટર શ્રી એન. હરિહરનની આ સફાઈ અભિયાનમાં ભાગીદાર થવાની ઈચ્છા હતી, પરંતુ આ દરમ્યાન ભારત સરકારના સચિવ શ્રી તોમર એક જરૂરી બેઠક માટે ત્યાં પહોંચ્યા. બેઠકમાં ભાગ લઈને આવેલ પર્યટન વિભાગના એક અધિકારી શ્રી કે.પી. ચંદને જણાવ્યું કે સચિવ મહોદય ગાયત્રી પરિવારના આ અભિયાનથી પ્રભાવિત છે. બેઠકમાં સફાઈ અભિયાન વિષે ચર્ચા થતી રહી. તેમને પોતાના અધિકારીઓને કહ્યું કે જ્યારે એક સંગઠન ઉત્તરાખંડથી આવી ને આ કાર્ય કરી શકે છે તો તમે કેમ નથી કરતા ? શ્રી રામેશ્વરમ તીર્થની સ્વચ્છતા વ્યવસ્થા માટે ૯ કરોડ ૫૦ લાખ રૂપિયાનું બજેટ તેમના દ્વારા નક્કી કરવામાં આવ્યું.

### વી થેંક્સ ટુ ગાયત્રી પરિવાર

સફાઈ અભિયાનથી મંદરના પંડાઓથી લઈને સંપૂર્ણ સમાજ ગદ્‌ગદ હતો. ગાયત્રી પરિવારે ઓટો રિક્ષા યૂનિયન, ગાઈડ યૂનિયન, વેપાર મંડળની અલગ-અલગ બેઠકો યોજી. ગાયત્રી પરિવારના સભ્યો એ જોઈને ખૂબ જ પ્રસન્ન હતા કે રિક્ષાની પાછળ એક ફ્લેક્સ લગાવવમાં આવ્યું હતું કે, ‘વી થેંક્સ ટુ ઓલ વર્લ્ડ ગાયત્રી પરિવાર ફોર ધેર માસ ક્લીનિંગ પ્રોગ્રામ’ વેપારીઓએ ભવિષ્યમાં સ્વચ્છતા અભિયાન ચલાવતા રહેવા માટે ઉદાર સહયોગના સંકલ્પ લીધા.

- રાષ્ટ્રીય સમાચાર પત્ર ‘ધ હિંદૂ’ના મુખ્ય સંપાદક શ્રી સી જયશંકરે જાતે આને જોયુ અને રાષ્ટ્રીય સ્તર પર આ પુણ્ય પ્રયાસને પ્રસારિત કર્યુ. એએનઆઈ, યૂએનઆઈ વગેરે સમાચાર એજન્સીઓના સહયોગથી લગભગ બધા સ્થાનીય સમાચાર પત્રોમાં આ મુખ્ય સમાચાર સ્વરૂપે પ્રકાશિત થયા હતા.

### નગરપાલિકા લગાવશે હોર્ડિંગ્સ

શ્રી રામેશ્વરમ ધામની સ્વચ્છતા બનાવી રાખવા માટે આ અભિયાનની સાથે ગાયત્રી પરિવારે મોટી સંખ્યામાં માર્ગદર્શન પરક પત્રિકા વહેંચી હતી, જેના પર ‘શું કરીએ, શું ન કરીએ’ના સૂત્ર દર્શાવવામાં આવ્યા હતા. નગરપાલિકાએ આ સૂત્રોને વિશાળ હોર્ડિંગ્સનું રૂપ આપીને મંદિર પરિસર અને સમુદ્ર તટ પર લગાવવાનું આશ્વાસન આપ્યું. ✡

સ્વચ્છતા અભિયાન ૧૯ થી ૨૩ જાન્યુઆરીની તારીખોમાં ચાલ્યું. ‘નર્મદા સ્વચ્છતા અભિયાન’ની જેમ જ તેને પણ રાષ્ટ્રીય સ્વરૂપ ધારણ કર્યુ. જેમાં ૧૧ રાજ્યોના ૬૫૦ કાર્યકર્ત્તાઓએ ભાગ લીધો. રોટરી ક્લબના સ્થાની એકમે કાર્યક્રમ સમન્વયકની ભૂમિકા નીભાવી. જેમાં લગભગ ૨૫૦ સભ્યોની ભાગીદારી રહી હતી. મધ્ય પ્રદેશના સર્વશ્રી સૂરજ પરમાર, આનંદ વિજય, યોગેન્દ્ર ગિરિ વગેરેએ મુખ્ય ભૂમિકા નિભાવી. મધ્ય પ્રદેશ, છત્તિસગઢ, ઉરિસ્સા અને તમિલનાડુ રાજ્યોના કાર્યકર્ત્તાઓની સંખ્યા મોટા પ્રમાણમાં હતી.

શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી બૃજમોહન ગૌડ, શ્રી કેપી દુબે, શ્રી પરમાનંદ દ્વિવેદી, શ્રી ઉત્તમ ગાયકવાડ વગેરેના નેતૃત્વમાં સમગ્ર અભિયાન ચલાવવામાં આવ્યું.

**અભિયાનની પૃષ્ઠભૂમિ :** ગાયત્રી પરિવારના નર્મદાંચલ શુદ્ધિ અભિયાન જન જાગરણની દૃષ્ટિથી ખૂબ સફળ અને પ્રભાવશાળી રહ્યું. મદુરાઈ ચેતના કેન્દ્રના પરિજનશ્રી ઋષભજીએ હૈદરાબાદ કાર્યક્રમ દરમ્યાન રામેશ્વરમ ધામમાં ફેલાયેલી ગંદકીનો ઉલ્લેખ કર્યો, તો ડૉ. પ્રણવ પંડ્યાએ નર્મદાંચલ શુદ્ધિ અભિયાનની જેમ રામેશ્વરમ ધામ સ્વચ્છતા અભિયાન ચલાવવાની પ્રેરણા આપી. ગાયત્રી ચેતના કેન્દ્ર, મદુરાઈ અને તમિલનાડુના પ્રાંતીય સંગઠનોએ તેમના નિર્દેશો પર લગભગ એક મહિનાની સક્રિયતાથી જનમત મેળવવા માટેના ભરપૂર પ્રયાસો કર્યા. તેમને જીલ્લા કલેક્ટર, નગરપાલિકા, વ્યાપાર મંડળ, રોટરી ક્લબ વગેરેની સાથે બેઠકો યોજીને અભિયાનના સંચાલનની સુવ્યવસ્થિત યોજના બનાવી.

**સફાઈ અભિયાન એક દૃષ્ટિમાં :** સફાઈ અભિયાનનો શુભારંભ દક્ષિણ ઝોન પ્રભારી શાંતિકુંજ પ્રતિનિધિ ડૉ. બૃજમોહન ગૌડે સફાઈ ઉપકરણોની સાથે કાઢવામાં આવેલી શોભાયાત્રા પછી જાતે સફાઈ અભિયાનમાં જોડાઈને કર્યો.



આ પ્રસંગે આપવામાં આવેલ સંદેશમાં તેમણે કહ્યું કે દેશમાં ગંગકીના નામે કશ્મીરથી કન્યાકુમારી સુધી એક જેવી જ હાલત જોવા મળે છે, જે આપણી ગૌરવશાળી સંસ્કૃતિ પર એક મોટું કલંક છે. તેમને કહ્યું કે અમે સફાઈ કરવાને બદલે વિશેષમાં લોકોમાં સફાઈ રાખવાની વૃત્તિ જગાડવા માટે આવ્યા છીએ. એક વારની સફાઈથી કોઈ મોટું કાર્ય નથી થઈ જતું, પરંતુ આ દિશામાં લોક જાગૃતિ વધારવી જ આપણા અભિયાનની મોટી સફળતા હશે.

પાંચ દિવસના સ્વચ્છતા અભિયાનમાં સંપૂર્ણ ક્ષેત્રને ૧૭ સેક્ટરોમાં વહેંચીને સફાઈ કરવામાં આવી. સૌથી પહેલા સમુદ્ર તટ, પછી મંદિર પરિસરથી બસ સ્ટેંડ સુધી અને પછી મંદિરના ગર્ભદ્વારની સફાઈ કરવામાં આવી.

**સમૂદ્ર :** અગ્નિતીર્થમ- રામેશ્વરમ ધામ આવનારા શ્રદ્ધાળુ પોતાના શરીરના બધા જ કપડાં, બેગ, માળા, ચંપલ-બૂટ વગેરે અહીં છોડીને ચાલ્યા જાય છે. એવી માન્યતા થઈ ગઈ છે કે આવુ કરવાથી શનિનો પ્રકોપ દૂર થઈ જાય છે. ત્યાંના બુદ્ધિજીવીઓ પાસેથી એ વાતની ખબર પડી કે આ માન્યતા પહેલા નહોતી, પરંતુ કેટલીક દશાબ્દીઓથી જ આ અવિવેકપૂર્ણ પ્રચલન ચાલી પડ્યું છે. તટ ઉપરની ગંદકીનું આ સૌથી મોટું કારણ છે. સ્વચ્છતા અભિયાનમાં લાગેલા કાર્યકર્તાઓએ સમુદ્ર ક્ષેત્રની રેતમાં દબાયેલા કપડાં, ફૂલ-માળાઓની ગંદકી સાફ કરી. કુલ ૧૦૦ ટ્રેક્ટર ટ્રોલીથી વધું કચરો કાઢવામાં આવ્યો.

ત્યાં આવનારા લોકો ખુલ્લામાં જ જાજરૂ માટે જતા હતા, તેથી દુર્ગંધ મારતો સંપૂર્ણ વિસ્તાર દુર્ગંધ મારતો હતો. ગાયત્રી પરિવારના પરિજનોએ આ દુર્ગંધમાં જઈને ગંદકી સાફ કરી.

**મંદિરની શેરીઓ :** મંદિર ક્ષેત્રની લગભગ એક કિલોમીટર લાંબી શેરીઓના નાળાઓની સફાઈ કરવામાં આવી. ત્યાંના નાળા, ૨૨ તીર્થના કુવા વગેરેમાં સડી ગયેલો કાદવ ભરાયેલો હતો, લોકો નાક પર કપડું બાંધીને ત્યાંથી નીકળતા હતા. શેરીઓમાં લાગી ગયેલા જાળાં ઉતારવામાં આવ્યા. ત્યાંના થાંભલા, તેના પર લગાવવામાં આવેલ મૂર્તિઓને રગડી-રગડીને સાફ કરવામાં આવી. આખા ક્ષેત્રને ધોવામાં આવ્યું. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો કે પરિજનોને આ સફાઈ માટે બહારથી પાણી ભરીને લાવવું પડ્યું હતું.

એ ક્ષેત્રમાં લોકો ઝાડ ઉપર કપડાં બાંધીને ચાલ્યા જાય છે. ઝાડ ઉપર પાંદડા ઓછા પણ કપડાં વધું વધુ જોવા મળે છે. પરિજનોએ એ બધાંને ઉતાર્યા અને સફાઈ કરી.

ત્યાં બનાવવામાં આવેલ કુંડ, ત્યાં સ્થાપિત ૧૦૮ શિવલિંગ વગેરે કીચડ અને લીલથી છવાયેલ હતા. પરિજનોએ મહા મહેનતે ઘસી-ઘસીને તેની સફાઈ કરી. શિવલિંગની સફાઈ પછી પટ્ટાભિષેક કરવામાં આવ્યો. ત્યાં સ્થાપવામાં આવેલ ગણેશની મૂર્તિતો ઓળખાતી જ નહોતી. સફાઈ પછી તે નવી નક્કોર બની ગઈ.

મંદિર ક્ષેત્રના પીતળ અને સોનાના થાંભલા કાળા પડી ગયા હતા. પરિજનોની મહેનતે તેમને ચમકાવી દીધા. ✡

## અભિયાન દરમ્યાન રહેલ વિશેષ આકર્ષણ

- ગાયત્રી પરિવારના સફાઈ અભિયાનમાં જોડાયેલા તમામ ૬૫૦ પરિજનોએ વિશેષ ટી-શર્ટ પહેરીને સફાઈ કરી, જેના પર ‘શ્રી રામેશ્વરમ ધામ સ્વચ્છતા અભિયાન’ અને જન્મ શતાબ્દીનો **લોગો** છપાવવામાં આવેલો હતો.



- ભોજનાલયની વ્યવસ્થા સંભાળી રહેલી બહેનોએ ખૂબ શ્રદ્ધાભાવનાથી પોતાની જવાબદારીઓ નિભાવી હતી. પરંતુ તે માત્ર ત્યાં સુધી જ સંતોષ માનીને બેસી ન રહી, લોકોએ જોયું કે ભોજન બનાવનારી બહેનોએ ગંદકીની પણ સફાઈ કરી.
- આ અંતર્ગત ત્યાં ૧૨૦ મોટી સ્થાયી કચરાપેટી રાખવામાં આવી અને જનમાનસને એમાં જ કચરો નાખવા માટે હાકલ કરવામાં આવી.
- દિયા, બેંગલોરના મોટા મોટા અધિકારી યુવા સભ્યોએ ભયાનક દુર્ગંધમાં પણ ઘુંટણ સુધી આવતાં કીચડમાં જઈને સફાઈ કરી.
- સફાઈ પહેલા જે સ્થળે લોકો શૌચ માટે જતાં હતા, તે સ્થળ એટલા તો સ્વચ્છ બની ગયા કે ત્યાં પ્રવાસીઓ શિવલીંગ બનાવીને અભિષેક કરી રહ્યા હતા.
- સમુદ્ર તટ પર ૧૦૦ વૃક્ષો લગાવવામાં આવ્યા.
- જીલ્લા વહીવટી તંત્ર, નગર નિગમ અને મંદિર વહીવટી તંત્રના સહયોગથી આ કાર્ય સફળતાપૂર્વક સંપન્ન થયું.
- મહારાષ્ટ્રના સાંસદ અને ભૂતપૂર્વ ઉપ મુખ્યમંત્રી શ્રી ગોપીનાથ મુંડે પોતાના સહયોગી સાંસદ શ્રી જિન્ના, સાંસદ શ્રી નરેન્દ્ર સિંહ તોમરની સાથે રામેશ્વરમમાં હાજર હતા. તેમને અભિયાનની ભરપુર પ્રશંસા કરતાં ગાયત્રી પરિવાર પાસે એ રિપોર્ટ માંગ્યો કે તેઓ રામેશ્વરમની સ્વચ્છતા અને વિકાસ માટે બીજું શું શું કરી શકે તેમ છે?
- અમદાવાદના ડૉ. ભીખૂભાઈ અને બૈતૂલના ડૉ. શ્રીમતી શૈલા મુલેની ચિકિત્સા ટોળીએ પાંચ દિવસ મોટા સ્તર પર નિ:શુલ્ક ચિકિત્સા શિબિર લગાવી, જેનો લાભ રામેશ્વરમના લોકોએ લીધો. ✡

## ભાવી યોજના

ગાયત્રી પરિવારે શ્રી રામેશ્વરમ તીર્થની સ્વચ્છતા બનાવી રાખવા માટે કેટલાક કાયમી પ્રયત્નો પણ કર્યા.

- સમુદ્ર તટ પર મહિલાઓ માટે કપડા બદલવા માટે રૂમોની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.
- રામેશ્વરમ ખાતે પાણીની પરબનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.
- એક વિશેષ ઘાટ બનાવવામાં આવી રહ્યો છે જ્યાં લોકો વ્યવસ્થિત અસ્થિ વિસર્જનની વિધિ કરી શકે.

સુલભ ઈંટરનેશનલના ઉપાધ્યક્ષ શ્રી અજીત શુક્લા અને મદુરાઈના સમાજસેવી શ્રી નાગેન્દ્રને રામેશ્વરમ તીર્થમાં બે આધુનિક શૌચાલય બનાવવાનું વચન આપ્યુ. ✡

## પ્રમુખ સહયોગી

- શ્રી પ્રેમ બિસાની, મેનેજિંગ ટ્રસ્ટી, મહેશ્વરી ભક્ત નિવાસે ૨૦૦ લોકોની રહેઠાણ વ્યવસ્થા માટે પોતાનું આખુ ભવન અને શ્રી સુભાષ ગુપ્તાએ પોતાનું અગ્રસેન ભવન સાત દિવસ માટે નિ:શુલ્ક આપ્યું.
- શ્રી ભારદ્વાજજી તથા ચીફ કમાંડર ઓફ નેવી શ્રી સૈનીજીએ કાર્યકર્ત્તાઓની સુરક્ષા માટે બોટ અને તરવૈયાઓની વ્યવસ્થા કરી રાખી હતી.
- સમાજસેવી શ્રી મુરલીધરનજી એ સફાઈ વ્યવસ્થામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.
- રોટરી ક્લબના શ્રી સુડલઈ અને શ્રી મુરગનજી મોટા ઉદ્યોગપતિ છે, પરંતુ તેમને સફાઈના નાનાથી નાના કાર્યોમાં આગળ વધીને ભાગીદારી કરીને, એક મોટો આદર્શ રજુ કર્યો.
- મદુરાઈથી શ્રી જોગસિંહ અને શ્રી ઉદય કુમાર, તૂતકુડીથી શ્રી સુશીલ શર્મા, ડિંડીગલથી શ્રી ભવન ભાઈ, તિરુપુરથી શ્રી હરીશજી, ચેન્નઈથી શ્રી ખેંગારજી, શ્રી રણજોડ જી, શ્રી સુભાષ શર્મા, બેંગલોરથી શ્રી હરિશંકરજી, શ્રી મનસુખ ભાઈ, શ્રી સત્યકાંત અને અજય રમોલા, સુરપુરથી શ્રી પંકજજીનો અગ્રણીય સહયોગ રહ્યો.

# પુસ્તક મેળા : યુગઋષિના સુવિચારોથી જ્યોતિત થઈ રહ્યા છે લાખો જીવન

**શિમલા (હિમાચલ પ્રદેશ)**

તા- ૨૮ ઓક્ટોમ્બરથી ૪ નવેમ્બરના રોજ શિમલાના ગેયટી થિયેટર દી માલીમાં યોજાયેલ ભવ્ય પુસ્તક મેળાનો શુભારંભ રાજ્યના વન મંત્રી શ્રી નરેન્દ્ર બ્રાગટાએ દીપ પ્રજ્વલનથી કર્યો. એમને જણાવ્યુ કે આચાર્યજીએ આજના કિંકત્તવ્યવિમૂઢ સમાજને પુસ્તકાકારમાં વિચાર સંજીવની આપી છે, જેનું પ્રત્યેક વ્યક્તિએ નિયમિત સેવન કરવું જોઈએ. તેમને પૂજ્યવરના સૂત્રોને અપનાવીને જન-જનની સેવા કરવાનો સંકલ્પ લીધો.

પુસ્તક મેળામાં આઈએએસ, શિક્ષણ જગત સાથે જોડાયેલ મહાનુભાવો, વિદ્યાર્થીઓ, બુદ્ધિજીવીઓ તથા મીડિયા જગત સાથે જોડાયેલ મહાનુભાવોએ શ્રદ્ધાપૂર્વક ભાગ લેતા યુગ સાહિત્યની ભૂરિ-ભૂરિ પ્રશંસા કરી અને પુસ્તક મેળો દરવર્ષે લગાવવાની વાત કહી. પુસ્તક મેળાનું સમાપન શ્રીયુત્ શ્રીકાંત બાલ્ડી-પૂર્વ મુખ્ય સચિવ મધ્ય પ્રદેશ તથા શ્રી પ્રેમ શર્મા-નિદેશક ભાષા અને સંસ્કૃતિની હાજરીમાં થયું.

**બેંગલોર (કર્નાટક)**

સંસ્કૃત ભારતીએ બેંગલોરમાં ચાર દિવસીય પુસ્તક મેળાનું આયોજન કર્યુ, જેનું સમાપન વિવેકાનંદ જયંતીના પાવન અવસરે થયું. યુગશક્તિ ગાયત્રી કેન્દ્ર, બેંગલોરે પણ આ મેળામાં યુગઋષિ દ્વારા રચિત પુસ્તકોનો એક સ્ટોલ લગાવ્યો હતો. શ્રી બીએસ ત્યાગીજીના જણાવ્યાનુંસાર કેન્દ્રના યુવા પરિજનોના સમર્પિત પ્રયાસોથી ચાર દિવસમાં કુલ ૫૮ હજાર રૂપિયાનું સાહિત્ય વેચાયું. યુગઋષિ દ્વારા વૈજ્ઞાનિક અધ્યાત્મવાદ પર આધારિત વેદ અને બીજા આર્ષ ગ્રંથોના ભાષ્યની તરફ વિશેષ ધ્યાનાકર્ષિત થયું.

આ પૂર્વે તા- ૯ જાન્યુઆરીના રોજ યુગશક્તિ ગાયત્રી કેન્દ્રએ એરફોર્સ કોમન હોસ્પિટલ, ઝુના એરપોર્ટ રોડ પર યોજાયેલ પંચ કુંડીય યજ્ઞની સાથે પણ સાહિત્ય સ્ટોલ લગાવ્યો હતો. શ્રી ધર્મેન્દ્રજીના વિશેષ પ્રયાસોથી આ અવસર પર ૬ હજારથી વધુ રૂપિયાનું સાહિત્ય લોકોએ ખરીદ્યુ.

**ઠાણે (મહારાષ્ટ્ર)**

ગાયત્રી પરિવાર મુંબઈએ દાદાજી કોણદેવ સ્ટેડિયમ, ઠાણેમાં યોજાયેલ



૮૪મા અખિલ ભારતીય સાહિત્ય સંમેલનમાં ભાગ લઈને સારી એવી લોકપ્રિયતા મેળવી. તા- ૨૪ થી ૨૭ ડિસેમ્બર સુધી ચાલેલા આ પુસ્તક મેળામાં દરરોજ ૬૦૦૦ દર્શકોનું આગમન થતુ હતું. ગાયત્રી પરિવારે પરમ પૂજ્ય ગુરૂદેવના જન્મ શતાબ્દી વર્ષમાં તેમના વિચારોના વિસ્તારની દૃષ્ટિથી અખંડ જ્યોતિની ૩૦૦૦ પ્રતિઓ અને ૧૦૦૦૦ બ્રોશર વિતરીત કર્યા.

૪ દિવસ ચાલેલ સાહિત્ય સંમેલનમાં ગાયત્રી પરિવાર ઠાણે અને ભિવંડીએ મિશનની ઉપલબ્ધ મરાઠી, અંગ્રેજી અને કેટલાક હિંદી પુસ્તકો પણ પ્રદર્શિત કરી હતી. ૨૦ હજાર રૂપિયાનું મરાઠી સાહિત્ય અને ૧૦૦૦૦ રૂપિયાનું અન્ય ભાષાઓમાં સાહિત્ય વેચાયું.

## શ્રદ્ધા વિશ્વાસથી મળી ભવ્ય સફળતા : નવા ક્ષેત્રમાં ૪ લાખ રૂપિયાનું બ્રહ્મભોજ

**ચરખી, દાદરી, ભિવાની (હરિયાણા)**

ચરખી દાદરીમાં હજુ સુધી કોઈ મંડળ, શાખા, સંગઠન નથી, પરંતુ



જન ઉત્સાહની ઝાંખિઓ, પુસ્તક મેળો અને કળશ યાત્રામાં કળશ ધારણ કરેલી બહેનો

જનતા સ્નાતકોત્તર કોલેજ, ચરખી દાદરીના હિંદી પ્રોફેસર ડૉ. રાજકુમાર ગર્ગએ શ્રી રમેશ બંસલ અને કેટલાક અન્ય પરિજનોના સહયોગથી ગાયત્રી મહાયજ્ઞ, દીપ મહાયજ્ઞની સાથે ભવ્ય પુસ્તક મેળાનું આયોજન કર્યુ, જેની ચમકે આખા નગરને પ્રભાવિત કર્યુ.

આ પુસ્તક મેળો તા- ૧૧ થી ૧૯ ડિસેમ્બર,૨૦૧૦ના રોજ સ્થાનીય ગીતા ભવનમાં યોજાયો હતો. પરમ પૂજ્ય ગુરૂદેવના જન્મ શતાબ્દી વર્ષના ઉપલક્ષ્યમાં શ્રી દીપક નંદી, સચિવ નગર વિકાસ ન્યાસ ભિવાડી, જીલ્લા અલવર, રાજસ્થાનના સહયોગથી બધુંજ સાહિત્ય બ્રહ્મભોજમાં ઉપલબ્ધ હતું. લગભગ ૪ લાખ રૂપિયાનું સાહિત્ય લોકોએ ખરીદ્યું. જેમાં આવેલ આસપાસના ગામોના લોકોનો ઉત્સાહ જોવા જેવો હતો.

સમગ્ર કાર્યક્રમનો શુભારંભ ૧૦૮ કળશોની કળશ યાત્રાથી થયો. નગરપાલિકા અધ્યક્ષ શ્રીમતી ચંદ્રકલા મકડાનિયાએ પ્રથમ કળશનું પૂજન કર્યુ. પુસ્તક મેળાનું ઉદ્‌ઘાટન દ્વારા સભ્ય ચૌ. સતપાલ સાંગવાનએ કેટલાય ગણમાન્યોની હાજરીમાં કર્યુ. દીપયજ્ઞના અવસરે ૩૦૦૦ દીપકોની જ્યોતિત દીપમાલા અને દિવ્ય વાતાવરણ ચરખી દાદરીના લોકોએ પ્રથમ વખત જોયું હતું. કાર્યક્રમના સમાપન સમારોહના મુખ્ય અતિથિ શ્રી ગંગારામ બિરાહડિયા- પ્રધાન ગીતા ભવન, ચરખી દાદરી હતા. તેમને તમામ કાર્યકર્તાઓને પ્રશસ્તિપત્ર પ્રદાન કરતાં કહ્યુ કે ગીતા ભવન ચરખી દાદરીમાં અનેક કાર્યક્રમ સંપન્ન થયા, પરંતુ અત્યાર સુધીનો સૌથી દિવ્ય અને પ્રભાવશાળી કાર્યક્રમ હતો. આયોજકોના જણાવ્યાનુંસાર આ કાર્યક્રમથી ચરખી દાદરી શાખાને ૫૦ નવા કાર્યકર્તા મળ્યા.

**ઉરઈ, જાલૌન (ઉ. પ્રદેશ)**

આચાર્ય નરેન્દ્ર દેવ ઉચ્ચતર માધ્યમિક શાળા ઉરઈમાં તા- ૯ થી ૧૬ નવેમ્બર,૨૦૧૦ના રોજ ગાયત્રી પરિવાર દ્વારા પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના સમાપન સમારોહમાં મેળાની સફળતા પર પ્રકાશ પાડતા શક્તિપીઠના મુખ્ય ટ્રસ્ટી સુષમા બહેને જણાવ્યું કે કુલ ૫૦ હજાર પુસ્તકો વેચાણ માટે મંગાવવામાં આવી હતી, જેમાંથી ૪૦ હજાર પુસ્તકો વેચાઈ હતી. સમાપન સમારોહમાં એસડીએમ શ્રી દેવેંદ્ર અને એસપી શ્રી એ આ અવસરે કહ્યું કે જીવન માટે ભોજન જેટલું જરૂરી છે, મન અને આત્મા માટે સ્વાધ્યાય પણ એટલું જ જરૂરી છે.

પુસ્તક મેળામાં જર્મનીના બેનિસયમ શહેરથી આવેલ બહેન અલાન્થા ફ્યૂજેલ માર્થા એંજિલ પધાર્યા અને ખૂબ ઉત્સાહની સાથે ગાયત્રી મહામંત્રનું ઉચ્ચારણ કર્યુ. પૂજ્ય ગુરૂદેવ દ્વારા લખેલ અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ બધાજ પુસ્તકો તેમને ખરીદ્યા અને આયોજકોના શ્રેષ્ઠ પ્રયાસોની પ્રશંસા કરી.

પુસ્તક મેળાએ લાખો લોકોમાં પૂજ્ય ગુરૂદેવના પ્રત્યે આસ્થા જગાવી. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો કે પરમ પૂજ્ય ગુરૂદેવ પહેલી વાર ધુરટ ગામે પહોંચ્યા હતા અને હનુમાન મંદિરમાં પૂર્ણ વિધિ વિધાન સાથે યજ્ઞ કરાવ્યો હતો. પરિજનોએ તેમની જન્મ શતાબ્દી પર એ સ્થળે એક વિશાળ જીલ્લા સ્તરીય દીપયજ્ઞનું આયોજન કર્યુ અને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પિત કરવાનો સંકલ્પ લીધો.

**મુગલસરાય, ચંદોલી (ઉત્તર પ્રદેશ)**

નગરના જીટી રોડ સ્થિત રોયલ ગાર્ડનમાં પુસ્તક મેળા પ્રધાન પ્રજ્ઞા આયોજન સંપન્ન થયો. શ્રી દયાનંદ સરસ્વતી અને પરિવ્રાજક શ્રી જગત નારાયણ સિંહે દરરોજ પ્રજ્ઞા પુરાણ કથાના માધ્યમથી પ્રેરણાદાયી દૃષ્ટાંતોની સાથે યુગઋષિના ક્રાંતિકારી વિચારો રજુ કર્યા. વચ્ચે-વચ્ચે પુસ્તકોના સંદર્ભ આપવાથી લોકોમાં યુગ સાહિત્ય પ્રત્યે આકર્ષણ વધ્યું.

પુસ્તક મેળાનો શુભારંભ પ્રમુખ કાર્યકર્તા શ્રી વિશ્વંભર અગ્રવાલે કર્યુ. દરરોજ સવારે ૫ કુંડીય યજ્ઞ અને તા- ૨૨ના રોજ સાંજના સમયે ૫૦૧ વેદીય દીપયજ્ઞની સાથે જનમાનસમાં સત્સંકલ્પ જગાવવામાં આવ્યા. કેટલાય લોકોએ આત્મ સુધાર અને આત્મ વિકાસ માટે સંકલ્પ લીધા. કેટલાય સંસ્કાર પણ સંપન્ન થયા.

## યુગઋષિના સાહિત્યની ભવ્ય શોભાયાત્રા, વિદ્વાનોની ઉત્સાહ વર્ધક ટિપ્પણિઓ

**ઝાંસી (ઉત્તર પ્રદેશ)**

સુપ્રસિદ્ધ લક્ષ્મી નારાયણ મંદિર, ઝાંસીના પેવેલિયનમાં તા- ૧૭ થી ૨૬ ડિસેમ્બરના રોજ અત્યંત લોકપ્રિય અને સફળ પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યુ. મેળાના ઉદ્‌ઘાટન પહેલા યુગઋષિના દિવ્યજ્ઞાનની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જે મુખ્ય શહેરના વિભિન્ન માર્ગોથી પસાર થઈ હતી. ઘણા બધા શ્રવણ કુમાર પોતાના ખભે કાવડ ધારણ કરીને અથવા તો જ્ઞાનપટ્ટમાં પુસ્તકો લઈને યુગસાહિત્ય પ્રત્યે પોતાની પ્રખર આસ્થા અને સમર્પણનો પરિચય આપતા રહ્યા. મેળાનો શુભારંભ પ્રો. ડૉ. એસવીએસ રાણા (કુલપતિ બુંદેલખંડ વિવિ, ઝાંસી)એ દેવપૂજનની સાથે કર્યુ. પુસ્તક મેળામાં કેટલાય અતિથિઓ પધાર્યા અને પોતાની સકારાત્મક ટિપ્પણિઓથી યુગ સાહિત્ય પ્રત્યે જનઆસ્થા જગાવી.

પ્રો. રાણા, કુલપતિએ કહ્યું, ‘જો નવયુવકો અને વિદ્યાર્થીઓને ચરિત્ર નિર્માણની ડિગ્રી લેવી હોય તો તેઓ યુગદૃષ્ટા પં. શ્રીરામ શર્મા આચાર્યજીનુ સાહિત્ય વાંચે’



શ્રી રાજેન્દ્ર ગુપ્તા, ‘વર્તમાન તણાવ, કુંઠિત અને અવસાદ ગ્રસ્ત સમાજમાં પૂ. આચાર્યજીએ લોકોને જીવન જીવવાની કળા શિખવીને માનવતાની જે સેવા કરી છે તે વંદનીય અને અનુકરણીય છે’

કેન્દ્રીય ગામીણ રાજ્ય મંત્ર માન. પ્રદીપ આદિત્ય જૈન અને શિક્ષણવિદ સમાજસેવિકા ડૉ. નીતિ શાસ્ત્રીએ કહ્યું કે,‘આ અધ્યાત્મિક પુસ્તક મેળો ઝાંસી વાસિઓ માટે પરમ સૌભાગ્યનો સમય છે. પાશ્ચાત્ય સંસ્કૃતિથી પ્રભાવિત થઈ રહેલ સમાજને સંસ્કાર, સંસ્કૃતિ અને સાહિત્ય દ્વારા નવોન્મેષી ચેતના, માર્ગદર્શન, પ્રેરણા અને પ્રકાશ આપવો અત્યંત લાભકારી છે’

હિંદૂ ધર્માર્થ ન્યાસના પ્રબંધક ડૉ. પં. વિશ્વનાથ શર્માએ પૂજ્ય ગુરૂદેવના વિચારોથી પ્રભાવિત થઈને ૫૦૦૦ ગાયત્રી ચાલીસા વહેંચી અને ૧૪૦૦ અખંડ જ્યોતિના ગ્રાહકો બનાવવાનો સંકલ્પ લીધો. પુસ્તક મેળાનું સમાપન શાંતિકુંજની ટોળી દ્વારા સંચાલિત રાષ્ટ્ર જાગરણ દીપ મહાયજ્ઞની સાથે થયું.

## અખંડ જ્યોતિએ એક પ્રોફેસરનું જીવન બદલી નાંખ્યુ

**કાર્યક્રમ સંયોજકનો અનુભવ**

હું જૂન ૨૦૦૯માં પ્રથમ વાર શાંતિકુંજ મારા મામાજી શ્રી કૃષ્ણ કુમાર અગ્રવાલને ત્યાં ગયો. આ પહેલા હું પૂજ્ય ગુરૂદેવ-વં. માતાજીના વિષે વધું જાણતો ન હતો. એ સમયે મામાજીએ મને અખંડ જ્યોતિ પત્રિકાનો સદસ્ય બનાવી દીધો. મે એને ખૂબ જ ગંભીરતાથી વાંચી. પત્રિકા વાંચી હું ખૂબ જ પ્રભાવિત થયો. મેં અનુભવ્યુ કે અત્યાર સુધી મે એમ.એ, એમફિલ, તથા પીએડી.નું શિક્ષણ મેળવ્યું છે તથા લગભગ ૧૮ વર્ષથી હિંદી પ્રોફેસરના રૂપમાં કાર્ય કરી રહ્યો છુ, પરંતુ આવું પ્રેરણાદાયી અને ઉર્જાવાન સાહિત્ય ન તો મે મારા વિદ્યાર્થીકાળમાં વાંચ્યુ હતુ કે ન તો એક પ્રોફેસરના રૂપમાં પોતાના વિદ્યાર્થીઓને ભણાવ્યું છે. બસ અહીંથી જ ગુરૂજી-માતાજી પ્રત્યે સમર્પિત થતો ગયો. મેં ૬ હજાર રૂપિયાનું સાહિત્ય ખરીદ્યુ અને રાત-દિવસ અધ્યયન કરવાનું શરૂ કરી દીધું. ગુરૂજીની પ્રેરણાથી ક્ષેત્રમાં કોઈ શાખા ન હોવા છતાં પણ વિશાળ અને સફળ કાર્યક્રમ સંપન્ન કર્યો. કાર્યક્રમના સમાપન દિવસે મે દીક્ષા પણ લીધી. હવે બસ ગુરૂદેવના એ વચનો જ સ્મરણમાં રહ્યા છે કે જે કરી ગુજર્યા, એનું અહંકાર ન કરીએ પરંતુ વિચારીએ કે આપણું ચિંતન, મનોયોગ અને શ્રમ કેટલી ઉંચી ભૂમિકા નિભાવી શક્યું?

**ડૉ. રાજકુમાર ગર્ગ, પ્રો. હિંદી વિભાગ**
**જનતા સ્નાતકોત્તર કોલેજ, ચરખી દાદરી,**
**જીલ્લા-ભિવાની (હરિયાણા)**

## શાંતિકુંજ, સ્કાઉટ એન્ડ ગાઈડ્સ જનપદ યુગ નિર્માણ

પરમ પૂજ્ય ગુરૂદેવ સ્કાઉટ-ગાઈડ્સ સાથે ઘણા ઓત-પ્રોત હતા. તેઓ પોતાના કાર્યકર્તાઓમાં સ્કાઉટ-ગાઈડ્સની ગતિવિધિઓ ચલાવવાની ચર્ચા કરતાં રહેતા હતા. શાંતિકુંજના સમર્પિત કાર્યકર્તા-સ્કાઉટ-ગાઈડ કમિશ્નર શ્રી ગેંદાલાલ ચોરસિયાજીએ પોતાની ગુરૂસત્તાની ભાવનાઓને અનુભવ કરતાં સ્કાઉટ ગાઈડના વિસ્તાર માટે ભરપૂર પ્રયાસો કર્યા અને એક પછી એક સફળતાઓ મેળવતા ગયા. આ કડીયોમાં એક બીજી ભવ્ય સફળતા મેળવી છે.

ઉત્તરાખંડ ભારત સ્કાઉટ અને ગાઈડ્સના પ્રાદેશિક સચિવના નિર્દેશાનુસાર સહાયક સરકારી અધિકારી સુશ્રી ઉર્મિલા સૂરીના પત્રાંક/ઉ.ભા.સ્કા.ગા/૩૧૬૧/૨૦૧૦-૨૦૧ તા- ૨૦ જાન્યુઆરી અનુસાર ‘ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ્સ જનપદ યુગ નિર્માણ શાંતિકુંજ’ની રચના થઈ ગઈ છે. તદ્‌નુરૂપ શાંતિકુંજ હરિદ્વાર જીલ્લામાં સ્કાઉટિંગને પ્રોત્સાહિત કરવા માટે વિશેષ પ્રયાસો કરશે. જીલ્લાની સ્કૂલો, ગામોના શિક્ષક-વિદ્યાર્થીઓના સ્કાઉટ ગાઈડ પ્રશિક્ષણ સત્ર શાંતિકુંજમાં ચલાવવામાં આવશે. પ્રશિક્ષિતોને રાજ્ય અને રાષ્ટ્રપતિ પુરસ્કાર માટે નામિત કરવામાં આવશે.

આદરણીય જીજી, આદરણીય ડૉ. સાહેબે આ સફળતાને જન્મ શતાબ્દી વર્ષનો અભિનવ ઉપહાર કહી. આદરણીય શ્રી ગૌરીશંકર શર્માજીએ આને યુગ નિર્માણ આંદોલનને ગતિ આપવા માટેનું એક મહત્વપૂર્ણ કદમ જણાવ્યું.

## દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં સંપન્ન થયી યોગ પ્રતિયોગિતા

ઉત્તરાખંડ રાજ્ય યોગ સંઘ દ્વારા દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં એક દિવસીય રાજ્ય યોગ પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્રદેશના ૧૪ વિશ્વવિદ્યાલયો, મહાવિદ્યાલયો અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. આ પ્રસંગે દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. એસપી મિશ્ર, ગુરૂકુળ કાંગડી વિશ્વ વિદ્યાલયના કુલપતિ પ્રો. સ્વતંત્ર કુમાર, સંઘના અધ્યક્ષ અને ગુરૂકુળ કાંગડી વિવિ. માં યોગ વિભાગાધ્યક્ષ પ્રો. ઈશ્વર ભારદ્વાજ સાથે કેટલાય વિશ્વ વિદ્યાલયોના યોગ વિશેષજ્ઞોએ હાજરી આપી હતી.

**યોગ જીવન સાધના અને ખરા અર્થોમાં માનવ નિર્માણનું સાધન છે. જો આયુર્વેદ અને યોગને જાણવો હોય તો પહેલા ભારત વિષે સમજવું પડશે. જો ભારતને સમજવો હોય તો દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય અને ગુરૂકુળ કાંગડી જેવી શિક્ષણ સંસ્થાઓને જાણવાની જરૂરત પડશે. આ એવા શિક્ષણ સંસ્થાનો છે, જેમને ભારતની મૂળ સંસ્કૃતિના સૂત્રોને અપનાવીને વિદ્યાના વાસ્તવિક સ્વરૂપને ચરિતાર્થ કરવાના નૈષ્ઠિક પ્રયાસો કર્યા છે. અહીં શ્રેષ્ઠ માનવોને ઘડનારા બીજોનું નિર્માણ કરવામાં આવે છે.**

**-પ્રો. સ્વતંત્ર કુમાર, કુલપતિ**
**ગુરૂકુલ કાંગડી વિશ્વવિદ્યાલય, હરિદ્વાર**

પ્રો. સ્વતંત્ર કુમારે જુદા-જુદા આયુ વર્ગોમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય રહેલ વિદ્યાર્થીઓને સન્માનીત કર્યા પછી પોતાના ઉદ્‌બોધનમાં સંસ્કારયુક્ત શિક્ષણને પ્રોત્સાહિત કરતાં માનવતાનો પાક તૈયાર કરવા માટે શિક્ષણ સંસ્થાઓને આહ્વાન કર્યુ. પ્રો. ઈશ્વર ભારદ્વાજે સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં કહ્યું કે યોગ માત્ર વ્યાયામ નથી, વ્યક્તિત્વના પરિષ્કારની કળા છે, તણાવપૂર્ણ સંસારમાં તણાવમુક્ત રહેવાનું સશક્ત માધ્યમ છે. સભાધ્યક્ષ ડૉ. એસપી મિશ્ર- કુલપતિ દેસંવિવિ. એ તમામ પ્રતિભાગિઓને અભિનંદન પાઠવતા તેઓને દેવભૂમિના ગૌરવસમા બતાવ્યા. ‘આપણાથી શ્રેષ્ઠ કોણ? અને આપણાથી શ્રેષ્ઠ કેમ?’ પ્રશ્નથી સ્વસ્થ્ય સમીક્ષા કરતાં જીવનમાં સતત આગળને આગળ વધવાના સૂત્રો તેમને વિદ્યાર્થીઓને આપ્યા. સ્કૂલ ઓફ યોગ એન્ડ હેલ્થના નિદેશક ડૉ. ચિન્મય પંડ્યાએ તમામ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને પોતાની શુભકામનાઓ આપી.

## શક્તિપીઠની પ્રાણ પ્રતિષ્ઠા

**ટિકૈતગંજ, બારાબંકી (ઉત્તર પ્રદેશ)**

શ્રી પ્રજ્ઞા ચરણપીઠ-ટિકેતગંજ, બારાબંકીમાં ચાર દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ અને રાષ્ટ્ર જાગરણ ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની ભવ્ય કળશ યાત્રામાં લગભગ ૧૦ હજાર પરિજનોએ ભાગ લીધો હતો, ૨૪૦૦ મહિલાઓએ કળશ ધારણ કર્યા હતા.

શાંતિકુંજથી પધારેલ ટોળી નાયક શ્રી કેસરી કપિલજીએ દેવમંચથી કહ્યું કે રાષ્ટ્રની મેધા શક્તિ ગાયત્રી ઉપાસનાથી જાગ્રત થઈ શકે છે. આથી આપણે સૌએ સદ્‌બુદ્ધિની દેવી ગાયત્રીની ઉપાસનાથી જોડાઈ જવું જોઈએ. આપણો દેશ સંસ્કૃતિ સાધના અને મેધાશક્તિના બળે અખિલ વિશ્વનું નેતૃત્વ કરવા માટે તૈયાર છે. ‘માતૃ-પિતૃ દેવો ભવ’ નાટિકાની રજુઆત પ્રજ્ઞા ચરણ પીઠ ટિકેતગંજની ટોળી દ્વારા કરવામાં આવી.

તા- ૨૧ ડિસેમ્બરના રોજ સવારે ગાયત્રીની પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન કરવામાં આવી. ગાયત્રી મહાયજ્ઞ અને ગુરૂદીક્ષા સંસ્કાર ૧૦૫, પુંસવન ૨૪, મુંડન ૧૨, વિદ્યારંભ ૧૫ની સંખ્યામાં સંપન્ન થયા. સાંજે રાષ્ટ્ર જાગરણ દીપ મહાયજ્ઞમાં શાંતિકુંજ પ્રતિનિધિઓ સમક્ષ શ્રોતાઓએ નિયમિત ઉપાસના અને બલિવૈશ્વ યજ્ઞ કરવા તથા કેટલાય લોકોએ નશો છોડી દેવા સંકલ્પ લીધો. ક્ષેત્રીય સાંસદ અને અધ્યક્ષ રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ ભારત સરકાર શ્રી પીએલ પુનિયાએ મહાયજ્ઞમાં ભાગીદારી લીધી.

## જવાહર નવોદય વિદ્યાલયના આચાર્યોનો બેસિક કમિશ્નર્સ કોર્સ શાંતિકુંજમાં સંપન્ન

શાંતિકુંજમાં ભારત સ્કાઉટ એન્ડ ગાઈડના પાંચ દિવસીય બેસિક કમિશ્નર્સ કોર્સનું અયોજન કરવામાં આવ્યું. જેમાં લખનૌ, પટના, શિલાંગ, પુના, જયપુર તેમજ હૈદરાબાદ ક્ષેત્રમાં સ્થિત જવાહર નવોદય વિદ્યાલયોના ૮૫ આચાર્યોએ ભાગ લીધો. નેશનલ ટ્રેનિંગ સેંટર, પંચમઢી (મધ્ય પ્રદેશ)ના ડિપ્ટી ડાયરેક્ટર શ્રી એમ.એસ. કુરેશીએ આના ઉદ્‌ઘાટન સત્રને સત્રને સંબોધિત કરતાં ‘તૈયાર રહો’ સૂત્ર વાક્યને સ્કાઉટિંગનો મૂલમંત્ર બતાવ્યો. આગલા સત્રોમાં નવોદય વિદ્યાલય સમિતિના ઉપાયુક્ત ડી. હજારિકા, ડૉ. નાગેન્દ્ર નાથ સિંહ- શિબિર સમન્વયક અને રાજ્ય સંગઠન અધિકારી અને સહાયક અધિકારી નવોદય વિદ્યાલય સમિતિ લખનૌ વગેરે વરિષ્ઠ અધિકારીઓએ સંબોધિત કર્યા. તેમણે કહ્યું કે આ શિબિર નવોદય વિદ્યાલય સમિતિના ઈતિહાસમાં ખૂબ જ અગત્યની સાબિત થશે. અમે શાંતિકુંજની ધરતી પર આવીને એક દિવ્ય અને પુનીત આંદોલન સાથે જોડાયા છીએ. આપણે સૌએ આ આંદોલનની સુગંધને દેશના ખૂણે-ખૂણામાં પહોંચાડવા માટે પોતાનું યોગદાન આપવું જોઈએ.



શાંતિકુંજના જ્ઞાનમંચ પર શિબિરના સહભાગી આચાર્યોનું એક સમુહ

તા- ૨૩ જાન્યુઆરી સુધી ચાલેલ આ શિબિરને સફળ અને પ્રભાવશાળી બનાવવા માટે શાંતિકુંજ અને દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના વરિષ્ઠ જનોએ પણ પોતાના વિચારો રજુ કર્યા. શાંતિકુંજ વ્યવસ્થાપક આદરણીય શ્રી ગૌરીશંકર શર્માજીએ સમસ્ત આચાર્યોને અનુરોધ કર્યો કે આપનું વિદ્યાલય આવાસીય હોવાના કારણે બાળકોને ૨૪ કલાક પોતાના નિયંત્રણમાં રાખે છે. તેઓમાં શિક્ષણની સાથે સાથે વિદ્યા અને સંસ્કારોનું સિંચન કરવામાં આવે તો જાણે સોનામાં સુંગધ ભળી જશે.

ડૉ. એસપી મિશ્ર- કુલપતિ દેસંવિવિએ તેમના વિવિ. દ્વારા આ દિશામાં કરવામાં આવી રહેલ પ્રયાસોની જાણકારી આપી.

શિબિરમાં શિષ્ટાચાર, સ્કાઉટિંગના વ્યાવહારિક સ્વરૂપ, નવોદય વિદ્યાલય સમિતિના સ્કાઉટ-ગાઈડના સંગઠનાત્મક ઢાંચા વગેરે પર ચર્ચા કરવામાં આવી. શિબિરને સંબોધિત કરવા માટે વિશેષજ્ઞ વક્તાઓને આમંત્રિત કરવામાં આવ્યા. શિબિરનું સંચાલન શ્રી હનુમાન પ્રસાદ- લીડર ટ્રેનર, રાજ્ય પ્રશિક્ષણ અધિકારી નવોદય વિદ્યાલય મેરઠ દ્વારા કરવામાં આવ્યું.

ગાયત્રી વિદ્યાપીઠના આચાર્ય શ્રી કૈલાશ મહાજને પણ દરેકને ભાવભરી વિદાઈ આપતાં દેવ પરિવાર સાથે જોડાઈને બાળ નિર્માણ પ્રત્યે જાગરૂક અને તત્પર રહેવા આહ્વાન કર્યુ.

## ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરિક્ષા

## દરેક જીલ્લામાં યોજાશે શિક્ષક શિબિર રાષ્ટ્રિય બેઠકમાં લેવામાં આવેલ નિર્ણય

**૫૦ હજાર શિક્ષકોને યુગનિર્માણ આંદોલન સાથે જોડી ‘સંસ્કૃતિ પુરોહિત’ના રૂપમાં સન્માનિત કરવાની ઘોષણા**

**જયપુર (રાજસ્થાન)**

ગાયત્રી શક્તિપીઠ જયપુર પર તા- ૮ અને ૯ જાન્યુઆરીના રોજ યોજાયેલ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાની રાષ્ટ્રીય બેઠકમાં દેશના પ્રત્યેક જીલ્લામાં આ વર્ષે એક-એક દિવસીય શિક્ષક શિબિરનું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ શિબિરોનું આયોજન જીલ્લા ભા.સં. જ્ઞાન પરીક્ષા સમિતિઓ કરશે. શ્રી દાનશ્યામ પાલીવાલના નેતૃત્વમાં દરેક શિબિરાર્થીઓએ આ નિર્ણય પર પોતાની સહમતિ વ્યક્ત કરી.

રાષ્ટ્રીય બેઠકમાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાનની બહુલતાની સાથે ૨૫૦ વરિષ્ઠ કાર્યકર્તાઓએ ભાગ લીધો. શાંતિકુંજમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન જ્ઞાન પરીક્ષા પ્રકોષ્ઠના વરિષ્ઠ પ્રતિનિધિ શ્રી એચ પી સિંહ, શ્રી આર કે નાયક, શ્રી પીડી ગુપ્તા, શ્રી ચક્રધર થપરિયાલ અને શ્રી નરેન્દ્ર ઠાકુર આ બેઠકમાં હાજર હતા.

શ્રી એચ પી સિંહે બેઠકને સંબોધિત કરતાં કહ્યું કે ૫૦ લાખ વિદ્યાર્થી, એક લાખ વિદ્યાલય અને લાખો કાર્યકર્તાઓના વિશાળ તંત્રનું ગાયત્રી પરિવારનું નિર્માણ કર્યુ છે, જે શિક્ષણ જગતમાં ક્રાંતિકારી પરિવર્તન કરવાની ક્ષમતા રાખે છે. આપણા ગુરૂદેવ યુગની મહાન ક્રાંતિના નાયક છે અને આપણે પણ એ જ ગૌરવની સાથે આપણા અભિયાનમાં નિષ્ઠા અને તત્પરતાની સાથે આગળ વધવું જોઈએ. શ્રી સિંહે કહ્યું કે પરીક્ષાની વધતી લોકપ્રિયતા અને સફળતાની સાથે યુગઋષિના જીવન સૂત્રોને શિક્ષકો અને વિદ્યાર્થીઓના જીવનમાં ઉતારવાની ખૂબ જ જરૂરિયાત છે, તો જ આપણાં પ્રયત્નોને સફળ માનવામાં આવશે.

**ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરિક્ષા પ્રકોષ્ઠ, શાંતિકુંજના કેટલાક મહત્વપૂર્ણ મોબાઈલ નંબર**

| | |
|---|---|
| શ્રી આર.કે.નાયક | ૦૯૨૫૮૩૬૯૫૨૮ |
| શ્રી પી.ડી. ગુપ્તા | ૦૯૨૫૮૩૬૯૫૪૧ |
| શ્રી રવિ શર્મા | ૦૯૨૫૮૩૬૯૫૩૦ |

શ્રી આર કે નાયકે શિક્ષક શિબિરોની જરૂરિયાત અને સ્વરૂપ પર ચર્ચા કરી. શ્રી પી ડી ગુપ્તાએ મે ૨૦૧૧માં વિદ્યાર્થી શિબિરોના આયોજન અને યુગ નિર્માણ સ્કાઉટ-ગાઈડની સ્થાપનાના સંદર્ભમાં માહિતી આપી. તેમને બાળકોમાં અનુશાસન અને નૈતિક મૂલ્યોના વિકાસ માટે કેટલીક બીજી યોજનાઓ ની પણ માહિતી આપી. શ્રી નરેન્દ્ર ઠાકુરે વિદ્યાલયોને આદર્શ બનાવવા માટે જન્મ દિવસની પરંપરાના વિકાસ, પ્રાર્થનાથી પૂર્વ સુવિચાર, સદ્‌વાક્યના પોસ્ટરો લગાવવા, નશામુક્તિ પ્રદર્શન, વ્યક્તિત્વ પરિષ્કાર શિબિર સ્વચ્છતા, વૃક્ષારોપણ જેવા બિંદુઓ પર ચર્ચા કરી.

શ્રી દાનશ્યામ પાલીવાલે રાજસ્થાનના ૫૦ હજાર શિક્ષકોને યુગ નિર્માણ આંદોલનની સાથે જોડીને ‘સંસ્કૃતિના પુરોહિત’ના રૂપમાં સન્માનિત કરવાની જાહેરાત કરી. તેમણે કહ્યું કે રાજસ્થાનમાં યોજનાર શિક્ષક શિબિર જીલ્લા શિક્ષણ અધિકારીઓના સાનિધ્યમાં યોજાશે અને તેમાં ભાગ લેનાર શિક્ષકોને ઓ.ડી. અપાવવામાં આવશે.

શિબિરના સમાપન સત્રમાં ગાયત્રી પરિવાર દ્વારા ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના માધ્યમથી કરવામાં આવી રહેલ પ્રયાસો પર પોતાના મત વ્યક્ત કરતાં કેટલાક શિક્ષકોએ આને સ્તુત્ય અને પ્રભાવશાળી બતાવ્યા. શ્રી ગિરધર સિંહ- પ્રધાન અદ્યાપક, ટાંક (રાજસ્થાન), શ્રી રાજેન્દ્ર કુમાર ત્રિપાઠી- ફર્રુખાબાદ (ઉ.પ્ર), શ્રીમતી અંજૂ રાજે- પ્રધાનાચાર્ય- ફતેહગઢ (રાજસ્થાન), શ્રીમતી એસ ચૌફન- આચાર્ય, સતના (મધ્ય પ્રદેશ)એ પોતાના વિચાર વ્યક્ત કર્યા.

# જન્મ શતાબ્દી વર્ષમાં લાખો યુવાનો અને બુદ્ધિજીવીઓ ચઢાવી રહ્યા છે પોતાની શ્રદ્ધા

## પટનામાં યોજાયેલ વિશાળ યુવા ચેતના જાગરણ શિબિર

**પટના (બિહાર)**

ગાયત્રી પરિવારની પટના શાખા દ્વારા તા- ૨૫ ડિસેમ્બરના રોજ ભારતીય નૃત્ય કલા મંદિરના પટાંગણમાં એક વિશાળ યુવા ચેતના જાગરણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહના મુખ્ય વક્તા શાંતિકુંજ પ્રતિનિધિ ડૉ. ઓ.પી. શર્મા હતા. આનું ઉદ્ઘાટન યુવા રમત અને સંસ્કૃતિ મંત્રી શ્રીમતી સુખદા પાંડે, મત્સ્ય અને પશુપાલન મંત્રી શ્રી ગિરિરાજ સિંહ અને શાંતિકુંજ પ્રતિનિધિ ડૉ. ઓ.પી. શર્માજીએ સંયુક્ત રૂપથી દીપ પ્રજ્વલન કરીને કર્યું. કાર્યક્રમમાં લગભગ ૧૫૦૦૦ યુવાનોએ ભાગ લીધો. સરકારી સેવામાં સંલગ્ન ગણમાન્યોએ સમય-સમય પર આવીને શિબિરમાં પોતાના વક્તવ્ય આપ્યા અને યુવાઓનું માર્ગદર્શન અને ઉત્સાહવર્ધન કર્યું.

ડૉ. ઓ.પી. શર્માજીએ કહ્યું કે મનનશીલ હોવું એ માનવની ઓળખાણ છે. મનનના માધ્યમથી જ મનુષ્યમાં પોતાની શ્રેષ્ઠતાને સંગઠિત કરી પ્રાણીમાત્રની સેવાને યોગ્ય બને છે. મનુષ્યમાં રહેલી ક્ષમતાઓને સુનિયોજીત કરવાની બે વ્યવસ્થાઓ છે- એક રાજતંત્ર અને બીજી ધર્મતંત્ર. રાજતંત્ર સામાજીક વ્યવસ્થા માટે તથા ધર્મતંત્ર એની સમરસતા માટે જવાબદાર છે. ધર્મતંત્રમાં સામાજીક સમરસતાનું સૂત્ર અને ભારતીય સંસ્કૃતિની મૂલ્યવાન ધરોહર ગાયત્રી મંત્ર છે. આ એ મંત્ર છે જે જન-જનમાંથી દ્વેષ-દુર્ભાવને દૂર કરી પ્રેમ, મૈત્રી, આત્મીયતા અને સહયોગની ભાવનાને વિકસીત કરે છે.

તેમને કહ્યું કે અમે ગાયત્રીનો મર્મ સમજાવતા યુગ નિર્માણને ગતિ આપવા અને યુવા શક્તિના ગતિમાન પ્રવાહને સુનિયોજીત કરવા માટે સંગઠિત થયા છીએ. આ અવસરે તેમને યુવાઓને પોતાને શરીર, મન અને આત્માથી સબળ થઈ સમાજ અને સંસ્કૃતિના વિકાસમાં અગ્રણી યોગદાન આપવા


પટનામાં યોજાયેલ યુવકોનું વિશાળ સંમેલન

આહ્વાન કર્યું. આ સંદર્ભમાં પરમ પૂજ્ય ગુરૂદેવ દ્વારા બતાવવામાં આવેલ મહત્વપૂર્ણ સૂત્રો શ્રોતાઓને આપ્યા.

સંસ્કૃતિ મંત્રી શ્રીમતી સુખદા પાંડેએ યુવાઓને એવા અર્જુનની સંજ્ઞા આપી, જેની શક્તિ, શૌર્ય અને પરાક્રમમાં અદ્વિતીય ગતિ હોય છે. એ ક્યારેય હાર નથી માનતો. મત્સ્ય અને પશુપાલન મંત્રી શ્રી ગિરિરાજ સિંહએ ગાયત્રી પરિવારના આદર્શોનું અનુકરણ કરનારા યુવાઓને શહેરોમાં રહેનારા તપસ્વી કહ્યા.

આઈએએસ શ્રી અખિલેશ પાંડે અને ભારતીય રાજસ્વ સેવામાં સહાયક અધિકારી શ્રી અજન જાડેજાએ યુવાઓને ભારતના ઉત્થાનમાં પોતાનો હર સંભવ સહયોગ કરવાની અપીલ કરી. યુવા પ્રકોષ્ઠના શ્રી મનીષ કુમાર દ્વારા નિર્દેશિત નુક્કડ નાટકની રજુઆત થઈ. વિશિષ્ઠ મહાનુભાવો પાસેથી પ્રેરણા લઈને યુવાઓએ દુર્વ્યસનોથી દૂર રહીને, દહેજ ન લેવા, નારી સશક્તીકરણ અને નારિયોના સન્માનની સુરક્ષા માટે સંકલ્પ લીધા. ✡

## બીસીસીએલના અધિકારીઓ સાથે થઈ ચર્ચા-વિચારણા

બીસીસીએલના સભાગારમાં 'તનાવઃ કારણ અને નિવારણ' વિષય પર કાર્યકારી નિદેશકોની બેઠકનું આયોજન કરવામાં આવ્યું. જેની



અધ્યક્ષતા માનવ સંસાધન નિદેશ શ્રી પી. કશ્યપજીએ કરી. મિશનની પ્રગતિશીલ વિચારધારાથી પ્રભાવિત થઈને બીસીસીએલના વરિષ્ઠ અધિકારીઓએ કમ્પનીના ખર્ચથી પોતાના અધિકારી અને કર્મચારિઓને જીવન વિદ્યાના પ્રશિક્ષણ માટે શાંતિકુંજ મોકલવાનો નિર્ણય લીધો. બોકારોના શ્રી વિભૂતિ નારાયણ સિંહ, શ્રી કે. પી. સિંહ અને ગાયત્રી શક્તિપીઠના ટ્રસ્ટી અને જીલ્લા સંયોજક શ્રી શર્માજી એ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો.

બીસીસીએલની વિશાળ હોસ્પીટલના વિશેષજ્ઞ ચિકિત્સકોએ ચર્ચા કરતાં કેન્દ્રીય પ્રતિનિધિઓએ વિચાર, કાર્ય અને ભાવનામાં એકતા તથા જીવનમાં સંવેદનશીલતાના વિકાસને જીવનનો અત્યંત અનીવાર્ય અભ્યાસ જણાવ્યો. સ્વાસ્થ્યની પરિભાષા અને અનેક સૂત્રો પર સારગર્ભિત ચર્ચા થઈ. શ્રી વિભૂતિ નારાયણ સિંહએ જીવનમાં સાચી આધ્યાત્મિકતાના વિકાસ માટે અખંડ જ્યોતિ પત્રિકા વાંચવા માટે ભારપૂર્વક જણાવ્યું. કાર્યક્રમના આયોજક ડૉ. ગુપ્તાએ સમાપન ભાષણ આપ્યુ, આભાર પ્રગટ કર્યો. ✡

## રાષ્ટ્ર જાગરણ દીપ મહાયજ્ઞ

**બોકારો (ઝારખંડ)**

તા- ૨૪ ડિસેમ્બરના રોજ ગાયત્રી શક્તિપીઠ, બોકારો પર રાષ્ટ્ર જાગરણ દીપ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાંતિકુંજ પ્રતિનિધિ ડૉ. ઓપી શર્માજી અને શ્રી વિનય કેશરીએ હાજરી આપી હતી. આ પ્રસંગે તેમને બોકારોના મેયર શ્રીમતી ગંગા ભાલોટિયાની પ્રમુખ ઉપસ્થિતિમાં શક્તિપીઠ પર યુવા પ્રકોષ્ઠ અને યુવા મહિલા પ્રકોષ્ઠનું ઉદ્ઘાટન પણ કર્યું.

બપોરે બુદ્ધિજીવીઓની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ ન્યાયાધીશ શ્રી પાંડેજીએ પરમ પૂજ્ય ગુરૂદેવના આપેલ યુગ નિર્માણ સત્સંકલ્પ સૂત્રોની સમીક્ષા અને પ્રશંસા કરી. તેમને સૂત્રોને વિશ્વ માનવતા માટે વરણીય કહ્યા.

દીપ મહાયજ્ઞને સંબોધિત કરતાં ડૉ. ઓપી શર્માજી એ પરમ પૂજ્ય ગુરૂદેવના નાના-મોટા સૂત્રોને પોતાના જીવનનું અંગ બનાવી દેવા માટે આહ્વાન કર્યું. તેમને કહ્યું કે 'હમ બદલેંગે-યુગ બદલેંગા', 'હમ સુધરેંગે-યુગ સુધરેગા' જેવા સૂત્રો પર નિત્ય ચિંતન-મનન અને તેમને જીવનમાં ઉતારવાનો અભ્યાસ કરવામાં આવે તો જીવનમાં અસાધારણ પરિવર્તન આવી જાય છે, જે સમાજ અને રાષ્ટ્રની એક મહાન સેવા છે. ✡

## ઈંટરનેટ પર શાંતિકુંજના કાર્યક્રમોનું લાઈવ પ્રસારણ

શાંતિકુંજની ઈએમડી અને કમ્પ્યૂટર વિભાગ દ્વારા મિશનના મહત્વપૂર્ણ કાર્યક્રમોને ઈંટરનેટ પર સીધા પ્રસારિત કરવામાં આવે છે. દેશ અને વિદેશમાં ઈંટરનેટ સેવાથી જોડાયેલ તમામ પરિજન ભાઈ-બહેન www.awgp.org/liveના માધ્યમથી જેને નિહાળી શકે છે. પાછલા દિવસોમાં સૂરત, અમદાવાદ, તિરુઅનંતપુરમ, ઓરંગાબાદ, જ્ઞાનદીક્ષા સમારોહ, પ્રજાસત્તાક દિવસના કાર્યક્રમોનું સીધું પ્રસારણ લગભગ ૪૦૦ પરિજનોએ વિભિન્ન દેશોમાં જોયું. લાઈવ પછી અપલોડેડ ફાઈલને http://www.ustream.tv/channel/awgp-live ના માધ્યમથી રેકોર્ડેડ કાર્યક્રમોને પછીથી પણ જોઈ શકાય છે. વિદેશોમાં ગાયત્રી ચેતના કેન્દ્રોમાં પણ જોઈ શકાય છે. વિદેશોમાં ગાયત્રી ચેતના કેન્દ્રોમાં મલ્ટીમીડિયા પ્રોજેક્ટ લગાવીને મોટા પડદા પર પણ જોઈ શકાય છે. સ્થાનીય ગાયત્રી શક્તિપીઠ અને ગાયત્રી ચેતના કેન્દ્રો પર પણ તકનીકી ઉપયોગ કરી શકાય છે. આગામી દિવસોમાં મહાશિવરાત્રિ, હોળી, ગાયત્રી જયંતી, ગુરૂપૂર્ણિમા અને જન્મ શતાબ્દી કાર્યક્રમોનું સીધું પ્રસારણ પરિજનો જોઈ શકે છે.

કયા કાર્યક્રમો ક્યાંથી લાઈવ થશે, એની સૂચના ઈ.મેલના માધ્યમથી આપવામાં આવે છે. ઈન્ટરનેટથી જોડાયેલ કમ્પ્યુટરના જાણકાર પરિજનો, જો આ સેવાનો લાભ લેવા માંગતા હોય તો પોતાની ઈ-મેલ આઈડી અમોને shantikunj@awgp.org પર મોકલાવી આપે. ✡

### 'સેવા ચેતના'નો

## 'પં. શ્રીરામ શર્મા આચાર્ય' વિશેષાંક

સુપ્રસિદ્ધ ભાઉરાવ દેવરસ સેવા ટ્રસ્ટ, લખનૌ પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દીના ઉપલક્ષ્યમાં પોતાની અર્ધ વાર્ષિક પત્રિકા 'સેવા ચેતના'નો જાન્યુઆરી-જૂન ૨૦૧૦ અંક પં. શ્રીરામ શર્મા આચાર્ય વિશેષાંકના રૂપમાં પ્રકાશિત કરી રહ્યા છે. ૨૦૦ પેજ વાળા આ વિશેષાંકમાં જાણીતા વૈજ્ઞાનિકો, શિક્ષણશાસ્ત્રિઓ, સરકારી કર્મચારીઓ, રાજનેતાઓ, લોકસેવિઓ, સમાજ સુધારકો વગેરે દ્વારા પરમ પૂજ્ય ગુરૂદેવ પર આપવામાં આવેલ લેખોનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે. જે પરિજન આ વિશેષાંક મેળવવા માંગતા હોય તેઓ નિચેના સરનામે સંપર્ક કરી, નિર્ધારિત રાશિનો ડ્રાફ્ટ મોકલીને વિશેષાંક મેળવી શકે છે. પત્રિકાનું મૂલ્ય ૫૦/- રૂપિયા છે.

**સંપર્ક સૂત્ર :- શ્રી વીરેન્દ્ર કુમાર ગુપ્ત, વ્યવસ્થાપક**
**ભાઉરાવ દેવરસ સેવા ન્યાસ,**
**સરસ્વતી કુંજ, નિરાલા નગર, લખનૌ- ૨૨૬૦૦૭**
**ફોન- ૦૯૪૫૦૦૪૦૫૧૪**
**ઈ-મેઈલ Ñ bdsnyas@yahoo.co.in**

## ઉજ્જવળ ભવિષ્ય માટે સારા કાર્ય પણ જરૂરી

**ઈલાહાબાદ (ઉત્તર પ્રદેશ)**

ગાયત્રી શક્તિપીઠ ઈલાહાબાદે તા- ૩૦ ડિસેમ્બર, ૨૦૧૦થી ૨ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ અને ૧૧ હજાર દીપમહાયજ્ઞનું આયોજન કરતાં વિતેલ વર્ષને વિદાઈ આપી અને જન-જનમાં નવ-વર્ષ માટે ઉજ્જવળ ભવિષ્યની આશા અને વિશ્વાસ જગાવતા ભાવ ભર્યુ સ્વાગત કર્યુ. લખનૌથી આવેલ શ્રી એસ.કે. શ્રી વાસ્તવની કાર્યક્રમ સંચાલક ટોળીએ પરમ પૂજ્ય ગુરૂદેવના કર્મફળ સિદ્ધાંતનું સુંદર પ્રતિપાદન કરતાં લોકોને સદ્કાર્યો માટે પ્રેરણા આપી. તેમને કહ્યું કે સારી કામના અને પ્રાર્થનાની સાથે શ્રેષ્ઠ કર્મોના બીજ વાવવાં પણ જરૂરી છે.

કાર્યક્રમને સફળ બનાવવા સર્વ પરીજનોએ ભારે જહેમત ઉઠાવી.

## કન્યાભ્રૂણ હત્યા વિરોધી આંદોલન

### સાંભળો દિકરીઓનો અવાજ- જાગો કાનપુર જાગો આજ

**કાનપુર (ઉત્તર પ્રદેશ)**




કાનપુર શાખાએ તા- ૨૬ ડિસેમ્બરના રોજ નગરના હૃદય સ્થળ જેકે મંદિરમાં કન્યાભ્રૂણ હત્યાના વિરોધમાં હૃદયસ્પર્શી આંદોલન ચલાવ્યું. હાથોમાં ભ્રૂણહત્યા વિરોધી પોસ્ટરો લઈને નાની-નાની દિકરીઓ આગંતુકોને ગુલાબના ફૂલ ભેટ આપીને પોસ્ટરોના માધ્યમથી સંદેશ આપી રહી હતી કે- 'મને બચાવો, મારો શુ ગુનો','સાંભળો દિકરીઓનો અવાજ-જાગો કાનપુર જાગો આજ' અને પુછી રહી હતી કે -'કોખમાં કત્લ થતી નારી- કહો કોની કેટલી જવાબદારી'

કાર્યક્રમનો શુભારંભ નગર પ્રમુખ શ્રી રવિન્દ્ર પાટની અને મુખ્ય ચિકિત્સા અધિકારી ડૉ. અશોક મિશ્રએ આંદોલનનું સમર્થન પોતાના હસ્તાક્ષરો આપીને કર્યુ. અધિવક્તા શ્રી સંતોષ કુમાર અગ્રવાલ, ઉદ્યોગપતિ શ્રી સુરેન્દ્ર ગુપ્તા 'ગોલ્ડી' મેડિકલ કોલેજ ચિકિત્સક ડૉ. કિરણ પાંડે, ડૉ. સુરેન્દ્ર સિંહ, સમાજ સેવી પં. શેષનારાયણ ત્રિવેદી, જગદમ્બા ભાઈ, શિક્ષણવિદ અને ઈતિહાસકાર ડૉ. એચપી સિંહ અને વરિષ્ઠ પત્રકાર ડૉ. રમેશ વર્માએ બાળકીઓ પાસેથી પુષ્પ સ્વીકારી આ આયોજનને આગળ વધું સક્રિય બનાવવાનું આશ્વાસન આપ્યું.

કાર્યક્રમ સંયોજક શ્રી મનોજ સેંગર અને માધવી સેંગરે જણાવ્યું કે ૫૦૦થી વધું નાગરિકોએ આ અભિયાનના સમર્થનમાં હસ્તાક્ષર કર્યા હતા. ✡

# ખીલી ઉઠી નવયુગની વસંત, થઈ જાય તરંગિત દિગ્દિગંત

## શોભાયાત્રાએ કર્યો યુગવસંતની નવ ઉષ્માનો સંચાર



જન્મ શતાબ્દી સમારોહનો શુભારંભ વિશાળ શોભાયાત્રાથી થયો હતો. ધર્મનગરી હરિદ્વાર નવવસંતની પ્રહેલી મોસમથી જ મહેકી ઉઠી. ૧૨ ઝાંખિઓ, ૫૫ ફોર-વ્હિલર વાહન અને ૫૦ ટુ-વ્હિલર વાહનોની સાથે કેટલાય કિલોમીટર લાંબી વિશાળ શોભાયાત્રાએ યુગઋષિ પરમ પૂજ્ય ગુરૂદેવ પં. શ્રીરામ શર્મા આચાર્યજીની જન્મ શતાબ્દીનો ઉદ્‌ઘોષ કર્યો. આખી નગરીમાં 'હમ બદલેંગે-યુગ બદલેંગા','હમ સુધરેંગે-યુગ સુધરેંગા'ના નારાઓ ગૂંજી ઉઠ્યા. અત્યાર સુધી ભારે ભીડ અને અસ્તવ્યસ્ત આક્રોશથી ટેવાઈ ગયેલી હરિદ્વારની જનતા આટલી વિશાળ, અનુશાસિત અને કોઈ એક સંગઠન દ્વારા કાઢવામાં આવેલ ઉદ્દેશપૂર્ણ યાત્રાને જોતા અભિભૂત હતી.

### શાંતિકુંજથી થયો શુભારંભ

શાંતિકુંજના શ્રીરામપૂરમમાં સવારે ૧૧.૩૦ વાગે આદરણીય શૈલજીજી અને આદરણીય ડૉ. સાહેબે શક્તિ કળશ અને પૂ. ગુરૂદેવ-વં. માતાજીની પ્રતિમાઓનું પૂજન કર્યુ. ત્યારપછી તેમને શોભાયાત્રાને લીલી ઝંડી બતાવીને રવાના કરી. લગભગ ત્રણ કલાકની યાત્રા પછી પોતાના અંતિમ ચરણ ભલ્લા કોલેજ પહોંચીને વિસર્જીત થઈ. આ યાત્રા શાંતિકુંજથી ભારતમાતા મંદિર, પાવનધામ, ભીમગોડાના રસ્તે ફરીથી રાષ્ટ્રીય રાજમાર્ગ પર આવી અને ચંડીચોક, લલિતારાવ પુલ, રેલવે રોડથી પસાર થતી ભલ્લા કોલેજ પહોંચી. આરંભથી અંત સુધી કાફલો પોતાના ઓજસ્વી નારાઓથી યુગઋષિની જન્મ શતાબ્દીનો સંદેશ અને તેમાં ભાગીદારીનું આમંત્રણ આપી રહ્યો હતો.

### દેવિયોનો દમ-ખમ અને યુવાશક્તિનો હુંકાર

ગાયત્રી પરિવારની આ શોભાયાત્રામાં અનેક નવીનતાઓના દર્શન લોકોને થયા. ધર્મના નામે ખાસ કરીને વયોવૃદ્ધોની જ ભીડ જોવા મળે છે, પરંતુ આ શોભાયાત્રામાં નારા લગાવી રહેલ દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ તેમજ વાસંતી રંગની સાડીઓમાં ચાલી રહેલ બહેનોની વાસંતી ભાવનાઓએ દર્શકોના હૃદયમાં અસીમ પ્રેમ અને શ્રદ્ધાનો સંચાર કર્યો. ઘોષિત રૂપથી તો આ વાહન શોભાયાત્રા હતી, પરંતુ પરિજનો પોતાની જન્મ શતાબ્દીની ઉમંગોને વ્યક્ત કરવા માટે વાહનોમાંથી ઉતરીને પગે ચાલીને આગળ વધતા અને જન્મ શતાબ્દીનો સંદેશ આપતા હતા.

સંપૂર્ણ શોભાયાત્રા ખૂબજ સુનિયોજિત અને અનુશાસિત હતી. શાંતિકુંજના સાતે દળોની ઝલક-ઝાંખિઓ, સુરક્ષા, માર્ગદર્શન જેવા કાર્યો સોંપવામાં આવ્યા હતા. સ્વસ્થ પ્રતિસ્પર્ધાની સાથે તમામ દલોએ પોત-પોતાની જવાબદારીઓ પૂરી કરી. ✡



## સાંસ્કૃતિક કાર્યક્રમ : જીવંત થઈ ઉઠી યુગઋષિ શ્રીરામની જીવન-ઝાંખિઓ







પરમ પૂજ્ય ગુરૂદેવના આધ્યાત્મિક જન્મ દિવસના ઉપલક્ષ્યમાં દર વર્ષે યોજનારા ધર્મ ધ્વજારોહણ આ વર્ષે તા- ૭ ફેબ્રુઆરીની સવારે શ્રી રામપુરમમાં બનેલ ટીનશેડની નજીક આદરણીય શૈલજીજી અને આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજી દ્વારા કરવામાં આવ્યું. આ અવસરે પરમ પૂજ્ય ગુરૂદેવ પ્રત્યે ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પિત કરતાં અનેક માર્મિક-રંગારંગ કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા.

ધ્વજારોહણ ગીતના સ્વરોએ એક દૈવી ચેતના અને તેમના વિરાટ મિશનના અંગ અવયવ હોવાના ગૌરવની સુખદ અનુભૂતિ કરાવી. દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ ઋતુરાજ વસંતનું સ્વાગત કળાની દેવી મા સરસ્વતીની વંદનાની સાથે કર્યુ. આગળના ક્રમમાં દેસંવિવિ.ના વિદ્યાર્થીઓએ પૂજ્ય ગુરૂદેવના સન્માનમાં એક કવ્વાલી અને સમૂહ નૃત્ય પણ રજુ કરવામાં આવ્યું.



ગાયત્રી વિદ્યાપીઠના નાનકડા વિદ્યાર્થીઓએ પરમ પૂજ્ય ગુરૂદેવના બાલ્યકાળના માર્મિક પ્રસંગોને અભિનીત કર્યા. તેમના અભિનયે પૂજ્ય ગુરૂદેવના હિમાલય પ્રેમ, તેમના યજ્ઞોપવિત સંસ્કાર, હરિજન અમ્મા છપકોની સેવા, રાષ્ટ્રીય સ્વતંત્રતા સંગ્રામમાં ભાગીદારીના હૃદયસ્પર્શી પ્રસંગોની યાદ અપાવી.

શાંતિકુંજની કાર્યકર્તા બહેનો દ્વારા કઠિન યોગાસનોના પ્રદર્શન, લાઠી ચાલનના સાહસિક પ્રદર્શન, બેન્ડ ડિસ્પ્લે વગેરે એવા કાર્યક્રમો હતા જે અબળાથી સબળા બની રહેલ નારીની ગૌરવગાથા ગાઈ રહ્યા હતા. કાર્યકર્તા બહેનોએ 'ગુરૂ હી નૈયા, ગુરૂ ખેવૈયા...' ગીત રજુ કર્યુ. યુગશિલ્પી બહેનોએ છત્તીસગઢી લોકનૃત્ય પ્રસ્તુત કર્યુ.

સંપૂર્ણ કાર્યક્રમ પૂજ્ય ગુરૂદેવના સંકલ્પ સાહસની અનુભૂતિ કરાવતો રહ્યો. એવું જણાઈ આવતું હતું કે યુગઋષિ શ્રીરામ પોતાની જન્મ શતાબ્દી પર સાકાર થઈ ગયા હોય. આદરણીય જીજી- ડૉ. સાહેબ સાથે તમામ શ્રોતાઓની કરતલ ધ્વની પ્રસ્તુત કર્તાઓના ઉત્સાહને વધાવી રહી હતી. ✡

## પૂર્વ સંધ્યાકાળે સંદેશ

### પડકારોનો હિંમતભેર સામનો કરો
### આ. શ્રી ઉપાધ્યાયજી

સામાન્ય માનવી પરિસ્થિતિ-ઓની પ્રતિકૂલતાના રોદણાં રોતો



અને તેની અનુકૂળતા માટે રાહ જોતો નજરે ચડે છે, પરંતુ દરેક મોટા કાર્યને પ્રતિકૂલતાઓનો સામનો કરવો જ પડે છે. જે પ્રતિકૂળતાઓ સામે સંઘર્ષ કરવાની સાહસિકતા બતાવે છે, તે મહામાનવ તરીકે ઓળખાય છે.

હિંમત છે તો પડકારોની વચ્ચે કંઈ કરી બતાવો. તમે દુનિયાને એ બતાવી દો કે આજની પરિસ્થિતિઓમાં પરમાર્થ અવ્યવહારિક નથી, પછી ભલે એ અડધા કપ ચાની કીંમત અને એક કલાકના સમયદાનથી જ કેમ ન નીકળતો હોય. અટકેલા અને ભટકેલા લોકોને સુધારની દિશામાં આગલા ચરણની રાહ ચિંધો. લોકોને ગાયત્રીનું એ સ્વરૂપ બતાવો, જે તેમનામાં હંસવૃત્તિ પેદા કરી દે.

પોતાની જાતને પૂજ્ય ગુરૂદેવના શિષ્ય કહેતા હો તો યુગ નિર્માણના સત્સંકલ્પ, 'પોતાના અંગ-અવયવોથી' પત્રક, 'દીક્ષિત-નૈષ્ઠિક પરિજન ચઢાવે એક શ્રદ્ધાંજલિ' પુસ્તિકા અવશ્ય વાંચે અને એ સૂત્રોને જીવનમાં ઉતારે. પૂજ્ય ગુરૂદેવના શિષ્યોને પોતાની ગુરૂસત્તાના વચનો પર સો ટકા વિશ્વાસ હોવો જોઈએ, કારણ કે એમને જે કહ્યું, એને પહેલા પ્રયોગ કરી પોતાના જીવનમાં, આચરણમાં ઉતાર્યુ.

### બ્રાહ્મણ બનો
### ડૉ. બ્રજમોહન ગૌડ

રાજસત્તા અથવા સુવિધા-સાધનોમાં તાકાત નથી હોતી. તાકાત હોય છે આત્મામાં. પૂજ્ય ગુરૂદેવ ઈચ્છતા હતા કે ભૂલી-ભટકેલી માનવતાને દિશા દેખાડવા માટે આત્મબળ સંપન્ન લાખો બ્રાહ્મણ ઉભા થઈ જાય. એ જ તેમના યુગ નિર્માણ સંકલ્પને પૂર્ણ કરશે.

બ્રાહ્મણ એ હોય છે, જે જન-જનને પ્રેમ વહેંચે. બીજાની ભૂલોને માફ કરી તેમને આગળ વધારવા, ઉપર ઉઠાવવા, તેમને સમર્થ બનાવવા માટે હરહંમેશ પ્રયત્નશીલ રહે છે. જેમનામાં બ્રાહ્મણ બનવાની હિંમત હોય છે તે જીવનની દુર્ગુણોનો ત્યાગ કરવા અને શ્રેષ્ઠતાઓને અપનાવવાની સાહસ કરી શકે છે. તેઓ પ્રતિજ્ઞા કરે છે - દહેજ લીધા વગર લગ્ન કરવાની, રાષ્ટ્રના ધનને બેમતલબ ખર્ચમાંથી બચાવવાની. સંપૂર્ણ વિશ્વને આવા બ્રાહ્મણોની જરૂરત છે.

### ડૉ. ઓ.પી. શર્મા

આજના યુગની તમામ સમસ્યાઓ ભૌતિકવાદી દૃષ્ટિકોણનું પરિણામ છે. અધ્યાત્મની ઉપેક્ષાથી લોકોનું અંતઃકરણ ખોખલું બની ગયું છે. અધ્યાત્મને અપનાવવાથી શ્રદ્ધા, સંવેદના, આત્મબળનું જાગરણ થાય છે. જેમનામાં આ ગુણ હોય છે તેઓ સાધનોનો સદુપયોગ કરવાનું જાણે છે, બાકીના તો સાધનનો ઉપભોગ કરે છે અને દુઃખી થાય છે.

આ તે જ પાવન વસંત પર્વ છે, જે દિવસે પૂજ્ય ગુરૂદેવ પર શક્તિપાત થયો હતો. જ્યારે શક્તિપાત થાય છે જ્યારે સ્વાર્થ-સંકીર્ણતાની સાંકળો તુટી જાય છે, કરૂણા, ઉદારતા, સહિષ્ણુતાનો જન્મ થાય છે. પરમ પૂજ્ય ગુરૂદેવની સાથે આમ જ બન્યું હતું. તેમને પોતાનું સર્વસ્વ પોતાની ગુરૂસત્તાને સોંપી દીધું. જેમની ઉપર શક્તિપાત થાય છે, તેમનામાં આગળ વધવાની, કંઈક કરી બતાવવાની ઉમંગ જાગે છે. જે સાહસની સાથે આ દિશામાં આગળ વધે છે, તે લોકો ધન્ય બની જાય છે.

### શ્રી કાલીચરણ શર્માજી

પૂજ્ય ગુરૂદેવે શાંતિકુંજમાં સપ્તઋષિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરતાં સમયે કહ્યું હતું કે, 'હું બધાજ દેવતાઓ, ઋષિઓ, તીર્થોથી અનુરોધ કરૂ છુ કે તેઓ કેટલાક સમય માટે મૌન થઈ જાય અને મને મારૂ કામ કરવા દે'. તેમનું આ કથન બતાવે છે કે કેટલી મહાન સત્તા હતા. તે દેવતાઓ, ઋષિઓ અને તીર્થોથી પણ ઉપર હતા. ✡

# યુગઋષિના બોધ દિવસ પર ભાવનાઓ અને પ્રેરણાઓ ઉભરી આવી

**પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દી પર શાંતિકુંજમાં હાજર હજારો શ્રદ્ધાળુઓએ સત્સંગ ભવનમાં યોજાયેલ સમારોહમાં આદરણીય જીજી-આદરણીય ડૉ. સાહેબની સાથે પાવન ગુરૂસત્તાનું ભાવભર્યુ પૂજન કરતાં પોતાની શ્રદ્ધા સુમન સમર્પિત કરી. આ અવસરે શાંતિકુંજના યુગગાયકોની પ્રસ્તુતિએ ભાવ સંવેદના અને સત્સંકલ્પોની ભરતી લાવી દીધી. ત્યારપછી આદરણીય જીજી, આદરણીય ડૉ. પ્રણવજીએ પર્વ સંદેશ આપતા શ્રોતાઓને તેમના અક્ષય સૌભાગ્યનો બોધ કરાવ્યો, ભાવિ સક્રિયતાના સંદર્ભમાં માર્ગદર્શન આપ્યું.**

## સાધનાએ બનાવી દિધા અજર અમર

**આદરણીય શૈલ જીજી :-**

પરમ પૂજ્ય ગુરૂદેવ કહ્યા કરતા હતા કે અમારા ત્રણ ગુરૂ છે. પ્રથમ હિમાલય, જે અમને વારં-વાર બોલાવે છે. એની અનંત ઉંચાઈ, અનંત શીતલતા, એ પારસ છે જે લોકોના અંદરના લોઢાને સોનામાં ફેરવી દે છે. જીવનની ખરાબીઓ કાઢી ને ભલાઈઓ ભરી દે છે. પરમ પૂજ્ય ગુરૂદેવે હિમાલય જેવી ઉંચાઈ મેળવી અને શીતળતા જીવનમાં ધારણ કરી હતી. પીડાથી ભરેલ જે પણ વ્યક્તિ એમની પાસે આવતો એ શીતળતા અને અનેરો આનંદ મેળવીને પાછો ફરતો.

બીજી ગુરૂ મારી મા આદ્યશક્તિ ગાયત્રી છે, જેને મારા જીવનમાં અમૃત ભરી દીધુ છે. મા ગાયત્રીની સાધનાએ તેમને અજર-અમર બનાવી દીધા છે.

મારા માર્ગદર્શક, મારા ગુરૂ કલ્પવૃક્ષ સમાન છે, તેમની પાસે જે માંગ્યુ એનાથી વિશેષ મળ્યું. તેમને માર્ગદર્શન, શક્તિઓ, સિદ્ધિયો જ ન આપી, આ પૃથ્વીનો કાયાકલ્પ કરવાનો સરંજામ એકઠો કરીને કહી દીધુ, બેટા હવે આ બધું તારા હવાલે છે.

**ક્રાંતિકારી પરિવર્તન વેળા**

પરમ પૂજ્ય ગુરૂદેવે સન્ ૮૨માં શક્તિપીઠોની પ્રાણપ્રતિષ્ઠાના કાર્યને વચમાં અધુરૂ છોડી શાંતિકુંજ આવીને બે ક્રાંતિકારી લેખ લખ્યા, 'શું કાફલો આમ જ વિખુટો પડી જશે?' અને 'મલાઈને તરીને ઉપર આવવાનું આમંત્રણ'. જેને વાંચ્યા પછી ૨૫ લાખ લોકોની સર્જન સેના તૈયાર થઈ ગઈ. પરમ પૂજ્ય ગુરૂદેવના જન્મ શતાબ્દી વર્ષમાં આજે એવો જ ઉલ્લાસ જન-જનમાં જગાવવાની જરૂરત છે. ઘનઘોર અંધકાર સામે લડવા માટે જ્યારે એક દિવાસળી પોતાના અસ્તિત્વને દાવ પર લગાવી દે છે તો તેને હોલવાવા પૂર્વે જ દીપક પ્રગટી ઉઠે છે. (આ પ્રસંગે પરમ પૂજ્ય ગુરૂદેવ અને પરમ વંદનીય માતાજીના હૃદયસ્પર્શી સંસ્મરણો સંભળાવીને જનમાનસને ભાવવિભોર બનાવી દીધું) હે ગુરૂદેવ! અમે દિવ્ય પ્રેરણાનો, સંકલ્પનો, પરમ પૂજ્ય ગુરૂદેવના બતાવેલ માર્ગે ચાલવાનો દિવો અમારા અંતઃકરણમાં જગાવી લઈએ, તમારી જન્મ શતાબ્દીમાં તમારા અનુરૂપ બની શકીએ એવી શક્તિ આપો.




## ગુરૂદેવે લાખોના જીવનમાં કર્યો વસંતનો સંચાર

**આદરણીય ડૉ. સાહેબ :-**

વસંત પરિવર્તનનું નામ છે. વસંત આવતાની સાથે નૂતનતાનો સંચાર થવા લાગે છે, પ્રકૃતિમાં ઉષ્મા અને સક્રિયતાનો ઉભરો આવે છે. પરમ પૂજ્ય ગુરૂદેવે લાખો લોકોના જીવનમાં આ વસંતનો સંચાર કર્યો છે. તેમની લેખની અને વાણી જન-જનમાં નવવસંત ખિલાવવાની છે.

પરમ પૂજ્ય ગુરૂદેવના દરેક કાર્યમાં ગણિત, દરેક કાર્યની પાછળ વિજ્ઞાન અને અધ્યાત્મનું ગૂઢ રહસ્ય સંતાયેલુ છે. તેઓ જે કહેતા, એનું થવું સુનિશ્ચિત છે. એમની સાથે જોડાઈ જવામાં ખોવાવાનું કંઈ નથી, બસ મેળવવાનુને મેળવવાનુ જ છે. જો તમને બોલાવ્યા છે તો તમે નિશ્ચિત જાણો કે તમારો જન્મ કોઈ વિશેષ ઉદ્દેશ માટે થયો છે.

પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દી વિચાર પરિવર્તનની શતાબ્દી છે. આજે સૌથી મોટો અભાવ માનવનો છે. મનુષ્યની માણસાઈ ખતમ થતી જઈ રહી છે, એ કારણે જ આટલા બધા ગોટાળા, ભ્રષ્ટાચાર અને અમાનવીય ક્રિયા કલાપોનો વિસ્તાર થતો જઈ રહ્યો છે. આ વિભીષિકાને દૂર કરવા માટે આપણુ એક જ કાર્ય હોવું જોઈએ- **દુર્બુદ્ધિ, દુર્વિચારો સામે સંઘર્ષ.** જન્મ શતાબ્દીની સૌથી મોટી શ્રદ્ધાંજલિ આનાથી વધી ને બીજી કોઈ નથી. વસંત પર્વની પૂર્વ સંધ્યાએ દેશ-વિદેશમાં જેટલા દીપ દીપી ઉઠ્યા, એટલા વ્યક્તિઓના મનમાં આ વર્ષે આપણે સુવિચારોના દીપ પ્રગટાવવાના છે. પરમ પૂજ્ય ગુરૂદેવના સૂત્રોને જીવનમાં ઉતારનારી તપસ્વી આત્માઓ જ પરમ પૂજ્ય ગુરૂદેવના યુગ પરિવર્તનના સંકલ્પને સાકાર કરશે. ✡

# સુવિચારોના દીપક પ્રગટાવવા સૌથી મોટી શ્રદ્ધાંજલિ

## આદરણીય ડૉ. સાહેબે વસંત પર્વ પર આપવામાં આવેલ પોતાના સંદેશમાં જન્મ શતાબ્દી વર્ષમાં યોજાનારા નિમ્ન કાર્યક્રમોની ઘોષણા કરી.

**જન્મ શતાબ્દી વર્ષની યોજનાઓ**

- પરમ પૂજ્ય ગુરૂદેવના સંપૂર્ણ સાહિત્યને વાંચવામાં ૧૦ વર્ષ અને જીવનમાં ઉતારવા માટે ૧૦૦૦ વર્ષ લાગી જશે. એમની જન્મ શતાબ્દી પર અખંડ જ્યોતિના 'જન્મ શતાબ્દી



વિશેષાંક' પ્રકાશિત કરવામાં આવ્યો છે, જેને બધાએ વાંચવાનો અને વંચાવવાનો છે.
- ૧૦ ખંડોમાં એક નવો વાંગ્મય પ્રકાશિત કરવામાં આવશે, જે પરમ પૂજ્ય ગુરૂદેવના જીવનના દરેક પહેલું પર પ્રકાશ નાંખશે. આ અત્યાર સુધી પ્રકાશિત ૭૦ વાંગ્મય ખંડોનો સાર હશે.
- એક જ્ઞાનરેલ યાત્રા યોજાશે, જે ૪૦-૪૨ દિવસોમાં સંપૂર્ણ દેશનું પરિભ્રમણ કરશે અને યુગઋષિની જન્મ શતાબ્દીનો સંદેશ આપશે.
- પરમ પૂજ્ય ગુરૂદેવ પર એક નવા ડાક ટિકીટનું વિમોચન કરાવવામાં આવશે.
- દેશમાં જગ્યાએ જગ્યાએ વ્યાખ્યાન માળાઓનું આયોજન કરવામાં આવશે.
- મોટા મોટા મહાનગરોમાં 'એક શામ ગુરૂદેવકે નામ' શીર્ષકથી ભજન સંધ્યાઓનું આયોજન થશે. તા- ૨૦ ફેબ્રુઆરીના રોજ આનો શુભારંભ શાંતિકુંજથી થઈ રહી છે.
- મહાશિવરાત્રિથી રામનવમી સુધી ૪૦ દિવસીય જન્મ શતાબ્દી મંત્રલેખન અભિયાન ચલાવવામાં આવશે. રામનવમી પર દરેક ક્ષેત્રમાં પૂર્ણાહુતિ થશે. આગળ પણ સુવિધાનુસાર ૪૦ દિવસનો સમય નક્કિ કરીને આ અનુષ્ઠાન કરવામાં આવશે. તમામ મંત્રલેખન પુસ્તિકાઓને લાવીને હરિદ્વારમાં નવેમ્બરમાં યોજનારા જન્મ શતાબ્દી સમારોહમાં સ્થાપિત કરવામાં આવશે. જેની વિશેષ પૂજા-પ્રદક્ષિણા કરવામાં આવશે, અક્ષય પુણ્યની પ્રાપ્તિ થશે.
- ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સહયોગથી દેશમાં ચરખાને પુનર્જીવિત કરવામાં આવશે.
- દરેક પ્રાંતમાં ન્યૂનતમ એક 'પં. શ્રીરામ શર્મા આચાર્ય સ્મૃતિ ઉપવન' લગાવવામાં આવશે.
- સ્વાસ્થ્ય આંદોલનને અંતર્ગત ઘેર-ઘેર જડીબૂટી અને શાક વાટિકાઓ લગાવવામાં આવશે.
- એકવીસમી સદીના ઈકો-ફ્રેંડલી વાહન 'સાયકલ'નો પ્રયોગ વધારવામાં આવશે.
-ગાયત્રી જયંતી 'ધ્યાન પર્વ'ના રૂપમાં મનાવવામાં આવશે. આ અવસરે સંપૂર્ણ દેશમાં ધ્યાન સત્રોનું આયોજન થશે.
- ગુરૂપૂર્ણિમા પર પરમ પૂજ્ય ગુરૂદેવની સ્મૃતિમાં એક કરોડ વૃક્ષ લગાવવામાં આવશે.
- સેંચુરી કમ્યુનિકેશન દ્વારા પરમ પૂજ્ય ગુરૂદેવ પર એક ટીવી સીરિયલ બનાવવામાં આવી રહી છે.
-ફિલ્મ્સ ડિવીજનના સહયોગથી એક ફિલ્મ બનાવવામાં આવશે, જે પીવીઆર પર દેખાડવામાં આવશે.
-ક્રાંતિ વિશેષાંકનુ પ્રકાશન થશે, સંપૂર્ણ દેશના મીડિયામાં ફીચર્સ પ્રકાશિત થશે.
-જન્મ શતાબ્દી દ્વારની સ્થાપના કરવામાં આવશે.

**નવા નિર્માણની ભાવી યોજનાઓ**

- આંબલખેડામાં પરમ પૂજ્ય ગુરૂદેવના સ્મારકને વિરાટ સ્વરૂપ આપીને એને રાષ્ટ્રિય ખ્યાતિનું બનાવવામાં આવશે.
- શાંતિકુંજમાં સત્સંગ ભવનને વિશાળ અને બે માળનું બનાવવામાં આવશે.
-દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં બે મોટા ઓડિટોરિયમ બનાવવામાં આવી રહ્યા છે, જેમાં વિવિધ વર્ગોના સંમેલનો હંમેશા યોજાતા રહેશે.
-મુન્સ્યારીમાં દેવાત્મા હિમાલયના સાનિધ્યમાં સાધના કેન્દ્રનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ✡



# નવયુગના વસંતની ફોરમ ચારે તરફ ફેલાવી દો

## સમારોહની ઝાંખિઓ

**પ્રભાતફેરી :** ત્રણ દિવસીય નવયુગ વસંતોત્સવનું સ્વાગત દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા શ્રી વિષ્ણુ મિત્તલના નેતૃત્વમાં શાંતિકુંજના કાર્યકર્તાઓની સાથે મળીને કાઢવામાં આવેલ પ્રભાત ફેરીથી થયું. દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયમાં મહાકાલ મંદિર પ્રાંગણથી શરૂ કરવામાં આવેલી પ્રભાતફેરી વિવિ. પરિસર અને હરિપુર કલાં ગ્રામની શેરીઓમાં જન જાગરણ કરતી શાંતિકુંજ પહોંચી. યુગતીર્થની પરિક્રમા લગાવ્યા પછી ફેરી ફરીથી વિવિ.ના મહાકાલ મંદિર પહોંચીને સમાપ્ત થઈ.

**અખંડ જપ :** દર વર્ષની જેમ વસંતપર્વના ઉપલક્ષ્યમાં તા- ૭ ફેબ્રુઆરીની સવારથી તા- ૮ ફેબ્રુઆરીની સવાર સુધી સાધના કક્ષમાં અખંડ જપ કરવામાં આવ્યા.

**દીક્ષા, યજ્ઞ અને બીજા સંસ્કાર :** પાવન વસંતની મંગળ વેળામાં આદરણીય શૈલજીજી અને આદરણીય ડૉ. સાહેબે ૧૨૫૦થી વધું લોકોને દીક્ષા અપાવી, જેમાંથી મોટા ભાગના યુવાનો હતા. દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓનો ઉત્સાહ જોવા જેવો હતો. પર્વ સંદેશ પછી યજ્ઞ અને બીજા સંસ્કારો મોટી સંખ્યામાં સંપન્ન થયા. ગુરૂસ્મારકો પર શ્રદ્ધાંજલિ અર્પણનો ક્રમ સાંજ સુધી ચાલતો રહ્યો.

**નવા નિર્માણો માટે થયું શીલાપૂજન :** વસંતપર્વ પર આદરણીય જીજી-ડૉ. સાહેબ દ્વારા દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં ત્રણ નવા ભવનોના નિર્માણ માટે



શિલાપૂજન કરવામાં આવ્યું. આ ત્રણ ભવનો છે- (૧) પ્રશાસનીક ભવન (૨) કેન્ટીન ભવન (૩) પુસ્તકાલય વિસ્તાર ભવન.

**વિદેશમાંથી આવ્યા મહેમાનો :** શાંતિકુંજમાં નવયુગ વસંતપર્વ ઉજવવા માટે વિદેશમાંથી મોટી સંખ્યામાં પરિજનો આવ્યા હતા. ફ્રાંસ, અમેરીકા, કેનેડા, રશિયા, નેપાલ વગેરે દેશોમાંથી ૧૦૦થી પણ વધું પરિજનોએ આમાં ભાગ લીધો હતો.

**નવયુગ દીપોત્સવ :** વસંતપર્વની સમી સાંજે યોજાયેલ નવયુગ દીપોત્સવનું સંચાલન શાંતિકુંજની બ્રહ્મવાદિની બહેનો દ્વારા કરવમાં આવ્યું. નવવધૂની જેમ શોભાયમાન શાંતિકુંજમાં પ્રજ્વલિત ૨૪૦૦૦ દીપકોની સાક્ષીમાં લોકોમાં અલૌકિક ઉલ્લાસની અનુભૂતિ થતી રહી. તમામ કાર્યકર્તાઓએ પોતાના હાથમાં મીણબત્તીઓ લઈને દીપયજ્ઞમાં પોતાની ભાવભરી આહુતિ સમર્પિત કરી. યજ્ઞોપરાંત સરઘસના રૂપમાં દરેકે સિદ્ધ ચૈતન્યતીર્થની પરિક્રમા કરી. આ દ્રશ્ય અદ્‌ભુત હતું, અવિસ્મરણીય હતું. ✡

### યુવા પ્રકોષ્ઠના કેન્દ્રીય કાર્યાલયનો શુભારંભ

આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજીએ વસંત પર્વની પૂર્વ સંધ્યાએ શાંતિકુંજમાં યુવા પ્રકોષ્ઠ માટે કેન્દ્રીય કાર્યાલયનો શુભારંભ દીપ પ્રજ્વલનની સાથે કર્યો. આ પ્રસંગે આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજીએ કહ્યું કે યુવાશક્તિ રાષ્ટ્ર નવનિર્માણની ધરી છે. એની સર્જનાત્મક શક્તિને ઓળખીને, સંગઠિત કરી સાચી દિશામાં નિયોજીત કરી લેવી એ યુગ નિર્માણ આંદોલનની મોટી સફળતા હશે. નવા પ્રકોષ્ઠના ગઠનની સાથે સુનિયોજિત પ્રયાસોથી આ દિશામાં મિશનનો ઝડપી વિસ્તાર થશે.

વર્તમાનમાં શ્રી કે.પી. દુબે અને તેમના સહયોગીયો કાર્યાલયનો કાર્યભાર સંભારી રહ્યા છે. આ કાર્યાલય યુવા પ્રકોષ્ઠ અને દિયા સંગઠનનું કેન્દ્રિય કાર્યાલય રહેશે. કાર્યાલયનું સંપર્ક સૂત્ર :-

**ટેલીફોન- ૦૧૩૩૪-૨૬૦૬૦૨, એક્સટેંશન- ૪૩૬**

**email**

**shantikunjyouthcell@gmail.com**

### નવયુગ દીપોત્સવનો સંદેશ

**આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજી**

આજે સંપૂર્ણ દેશમાં સામૂહિક મનના જાગરણનો વિલક્ષણ પ્રયોગ થવા જઈ રહ્યો છે. પરિવર્તનની નવી લહેર ચાલી છે, આપણે પરમ પૂજ્ય ગુરૂદેવના અંગ-અવયવ બનવાના પ્રયાસો કરીએ.

પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દી વિચાર પરિવર્તનની શતાબ્દી છે. પૂજ્ય ગુરૂદેવના તપના પ્રભાવથી ૧૯૨૬ પછી પરિવર્તન ઝડપથી થયા છે. નિરાશાવાદ આશાવાદમાં બદલાયો છે. પૂજ્ય ગુરૂદેવે એ ભ્રમ દૂર કર્યો છે કે અધ્યાત્મવાદ માત્ર સાધુ-સંન્યાસિયો માટે છે. અધ્યાત્મ એ દરેક માટે છે જે બ્રાહ્મણ બનવા માંગે છે, આત્મબળનો વિકાસ ઈચ્છે છે.

### ગુરૂદેવનું સ્વરૂપ છે લાલ મશાલ

**આદરણીય શ્રી વીરેશ્વર ઉપાધ્યાયજી**

આજે તેજ આંધી ચાલી રહી છે. આપણે સૌ દીપક બની મશાલ બનવાનો પ્રયાસ કરીએ. આંધીમાં દીપકને પોતાનો બચાવ કરવો મુશ્કેલ બની જાય છે, પરંતુ તે આંધી મશાલની જ્વાળાને ફેલાવી દે છે. પૂજ્ય ગુરૂદેવે મશાલને જ પોતાનું સ્વરૂપ બતાવ્યું છે. મશાલ બની જશો તો ક્રાંતિ આવી જશે.

માટીના દીવા અને મશાલનું તેલ પુરૂ થઈ જાય છે, પરંતુ આ મશાલ એવી છે કે જેમાં તેલ પૂરવા માટે કોઈ દૈવી ચેતના હંમેશા સક્રિય છે. આ જેટલો પ્રકાશ વહેંચવામાં આવશે એટલો જ વધશે.

### પોતાનાથી કરીએ શુભારંભ

**આદરણીય શ્રી કેશરી કપિલજી**

વં.માતાજીએ દીક્ષા લીધી તો દીક્ષા લેનારાઓની સંખ્યા લાખો સુધી પહોંચી ગયી. જે કાર્યમાં ઘરની શક્તિ સાથ આપવા માટે તૈયાર થઈ જાય, એ કાર્ય ક્યારેય અસફળ નહીં રહે. પરમ વંદનીય માતાજી પરમ પૂજ્ય ગુરૂદેવની પ્રથમ શિષ્યા હતી.

પરમ પૂજ્ય ગુરૂદેવની ઈચ્છા છે કે આપણા જીવનમાં આનંદ-ઉલ્લાસ આવે. સુખ વધે છે પુણ્ય કરવાથી અને પુણ્ય વધે છે સત્કર્મ કરવાથી.

### ગુરૂસત્તાનું આશ્વાસન

**આદરણીય શ્રી શરદ પારધી જી**

તનની કાળજી બધા રાખે છે, પરંતુ મનની કાળજી રાખવાવાળા એક માત્ર પરમ પૂજ્ય ગુરૂદેવ હતા. જ્યારે તેમને મન મેલું થવાની વાત કહેતા તો તે કહેતા હું મનને ધોઈ નાખીશ. તેમને મને કેટલીક વાતો કહી હતી, જે હું હંમેશા યાદ રાખુ છું. તેમને કહ્યું હતુ કે-

- બેટા લોકોને કહેજે કે મારી નાવમાં બેસી જાય, હું તેઓને દગો નહી કરું.

- બેટા અમે(આપણે બધા) સંત પરંપરાના છીએ. આપણે એકલા કમાઈએ અને ખાઈએ, એવું ન બની શકે. આપણે સૌએ આપણી સંત પરંપરાનું ધ્યાન રાખવું પડશે.

### શક્તિ આવે છે સાધનાથી

**આદરણીય શ્રી રામપ્રકાશ પાંડે**

મેં પૂજ્ય ગુરૂદેવને કહ્યું કે તમે જે કહો છો તે બધું થઈ જાય છે. તો તેમણે મને કહ્યું કે બેટા મેં મારી વાણીનો દુરુપયોગ કર્યો નથી.

આત્મ શક્તિ આવે છે ગુણ, કર્મ, સ્વભાવના પરિષ્કારથી અને ઉપાસના, સાધના, આરાધનાથી ગુણ, કર્મ, સ્વભાવ પરિષ્કૃત બને છે. ✡

# યુગ વસંત પર પ્રકાશિત નવું સાહિત્ય

### પુસ્તકો (બંગાળી ભાષા)

૧. મૈ ક્યા હૂ, ૨. અમૃત પારસ ઔર કલ્પવૃક્ષ, ૩. સ્વતંત્રતા સેનાની શ્રીરામ મત્ત, ૪. શક્તિસંચય કે પથ પર, ૫. આત્મોન્નતિ કે લિયે અવલંબન કી આવશ્યકતા, ૬. મહિલા જાગૃતિ અભિયાન, ૭. સતયુગકી વાપસી, ૮. વ્યવસ્થાબુદ્ધિકી ગરિમા, ૯. આદ્ય શક્તિ ગાયત્રી કી સમર્થ સાધના, ૧૦. યુગ યજ્ઞ પદ્ધતિ, ૧૧. ધનકો પીડિત માનવતાને પુકારા હૈ.

### જેબી પુસ્તકો (બંગાળી)

૧૨. યુગ નિર્માણમે જ્ઞાનયજ્ઞ કી ભૂમિકા, ૧૩. સફલ જીવન કી દિશાધારા, ૧૪. છૂદ્રતા છોડે ઔર મહાનતા અપનાયે, ૧૫. બોયા કાટા ઔર અકાટ્ય સિદ્ધાંત, ૧૬. માનસિક સંતુલન બનાયે રખે, ૧૭. સફળતા કી જનની સંકલ્પ શક્તિ, ૧૮. સેવા સાધના, ૧૯. હારિયે ન હિંમત, ૨૦. યુગ દેવતા કી અપીલ અનસુની ન કરેં, ૨૧. ગાયત્રી ચાલીસા.

### પુસ્તકો (ઉર્દુ ભાષા)

૧. હારિયે ન હિંમત, ૨. ગૃહસ્થ એક યોગ સાધના, ૩. યુગ કી માંગ પ્રતિભા પરિષ્કાર

### ઓડિયો સી.ડી/ એમપી- ૩

૧. નવયુગ કા ઉદ્‌ઘોષ જન્મ શતાબ્દી (૮ ગીતોનો સંગ્રહ), ૨. માતૃવાણી ભાગ-૨/ એમપી-૩ (વંદનીય માતાજીના પ્રવચનો)

### વીડિયો (ડી.વી.ડી)

'યુગઋષિ'કી જન્મ શતાબ્દી વિશેષ - **પં. શ્રીરામ શર્મા આચાર્ય (૧૯૧૧-૨૦૧૧)**

### હિન્દી સાહિત્ય

૧. જન્મ શતાબ્દી ગાયત્રી મંત્ર લેખન સાધના (પુસ્તિકા), ૨. યુગઋષિકી જન્મ શતાબ્દી ૨૦૧૧ (બ્રોશર)



(યુગઋષિ એવં ઉનકી યુગ નિર્માણ યોજનાકા સાર્વભૌમ સ્વરૂપ), ૩. ગાયત્રી મહામંત્રકી અદ્‌ભુત સામર્થ્ય.

### હિન્દી પત્રિકાઓ

૧. પ્રજ્ઞા અભિયાન પાક્ષિકનું શિક્ષણ-સંસ્કૃતિ પરિશિષ્ઠ

૨. સંસ્કૃતિ સંચાર ત્રૈમાસિક-જન્મ શતાબ્દી વિશેષાંક (દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય દ્વારા)

૩. ઋષિવાણી (માસિક પત્રિકા)- પૂર્વી જોન (ટાટાનગર)

### મિશનની વેબસાઈટ

**www.awgp.org** (સંશોધિત, પરિષ્કૃત, પરિવર્ધિત, નવીકૃત)

**વેબસાઈટની વિશેષતાઓ :**

૧. મલ્ટીમિડીયા, વીડિયો, ફોટો, સાહિત્યની વિરાટ ઉપલબ્ધતા.

૨. અખંડ જ્યોતિ પત્રિકા સન્ ૧૯૪૦થી લઈને આજ સુધી, સાથે પ્રજ્ઞા અભિયાન પાક્ષિક અને પૂજ્ય ગુરૂદેવ-વંદનીય માતાજીના પ્રવચન ઉપલબ્ધ છે.

૩. વિશેષતા- હવે કોઈ પણ ફોટો, બેનર, પોસ્ટર, પત્રક, સદ્‌વાક્યો તેમજ ગુરૂદેવ-માતાજીના દુર્લભ ફોટા ડાઉનલોડ કરી શકો છો.

૪. મિશનના તમામ કાર્યક્રમોનું જીવંત પ્રસારણ.

૫. ક્ષેત્રના પરિજનો પોતાના ક્ષેત્રના પ્રોગ્રામ પણ આપી શકશે.

૬. ક્ષેત્રના પરિજન પોતાના ક્ષેત્રની વેબસાઈટ આમાં બનાવી શકશે. ✡

## દિકરીની ભાવભરી શ્રદ્ધાંજલિ

જન્મ શતાબ્દીની વેળામાં આવેલ વસંતપર્વ પર પાવન યુગતીર્થ શાંતિકુંજનો કણ-કણ પોતાની આરાધ્ય સત્તા પરમ પૂજ્ય ગુરૂદેવ-વંદનીય માતાજીના શ્રીચરણોમાં પોતાની સર્વોચ્ચ શ્રદ્ધાંજલિ અર્પિત કરી રહ્યો હતો. આવા સમયે હૃદયને સ્પર્શી ગઈ એક નાનકડી દિકરી જાગૃતિ પટેલની શ્રદ્ધાંજલિ.

જાગૃતિ શાંતિકુંજના સમર્પિત કાર્યકર્તા શ્રીમતી સીમા અને શ્રી દિનેશ પટેલની ગાયત્રી વિદ્યાપીઠમાં બીજા ધોરણમાં ભણતી દિકરી છે. અત્યાર સુધી તે પોતાની બચત રાશિ જ્ઞાનઘટમાં એકઠી કરતી રહી. ઘરે આવતાં અતિથિઓ સ્નેહવશ કંઈક આપે તો તે વિન્રમતાથી ના પાડી દે છે, બાળ હઠની સાથે એને લેવા માટે નનૈયો પણ ભરી દે છે. છતાં પણ જો કોઈ નજીકનું સ્નેહી કંઈક આપી દે તો તેને પોતાના જ્ઞાનઘટમાં જમા કરી દેતી.

યુગ વસંતના વાસંતી હિલોળા જાગૃતિના હૃદયને સ્પર્શી ગયા. તેને પોતાના ગલ્લાના બધા રૂપિયા ફોઈ-ફૂફાજી (આદરણીય જીજી-ડૉ. સાહેબ)ને આપી દેવાનો આગ્રહ કર્યો, પોતાના માતા-પિતાની સાથે પ્રણામના સમયે આપી પણ આવી. ગલ્લામાં ૩૨૧૫ રૂપિયા હતા.

દિકરીની સ્નેહપૂર્તિ શ્રદ્ધાંજલિ સ્વીકાર કરતાં આદરણીય જીજી-ડૉ. સાહેબે પોતાના હાર્દિક શુભાશીષોની સાથે એના સુખી જીવન અને ઉજ્જવળ ભવિષ્યની કામના કરી. ✡

**સ્વામી:-** વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ-ટી.એમ.ડી. શાંતિકુંજ હરિદ્વાર શ્રીમતી શૈલબાળા પંડ્યા શાંતિકુંજ હરિદ્વાર દ્વારા પ્રકાશિત અને યુગાન્તર ચેતના પ્રેસ હરિદ્વારમાં મુદ્રિત અને વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ શાંતિકુંજ દ્વારા પ્રકાશિત. સંપાદક વીરેશ્વર ઉપાધ્યાય **એડ્રેસ:-શાંતિકુંજ હરિદ્વાર (ઉત્તરાખંડ) પીન નં:- ૨૪૯૪૧૧,**
**ફોન નંબર-(૦૧૩૩૪) ૨૬૦૬૦૨, ૨૬૧૩૨૮ ફેક્સ-નં-૨૬૦૮૬૬**
www.awgp.org, www.dsvv.org
Email:-shantikunjnews@awgp.org

R.No.UTT-GUJ00010/35/1/2010-TC
LICENCE TO POST
W/O PREPAYMENT
NO. WPP/05/05
RENEWED
UP TO-2011